**સુવિચાર**

જ્યાં સુધી એક-બીજાને મદદ કરશે,
ત્યાં સુધી કોઇ પડતું નથી તે ધંધો હોય,
પરિવાર હોય કે સમાજ...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ગુજરાત પોલીસમાં ૩૭ IPS અધિકારીઓની બદલીઃ નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જ આઇજી બનાવાયા P-4


Year-16, Issue-274 ■ DATE : 06-03-2026 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# ગુજરાતના સ્થાપના દિને સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજાવાની સંભાવના

## ૨૬૦ તાલુકા પંચાયતો, ૩૨ જિલ્લા પંચાયતો અને ૭૧ નગરપાલિકાઓની ચૂંટણી ૧ મે બાદ યોજાય તેવી શક્યતા : ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં ધમધમાટ શરૂ કર્યો



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો ધમધમાટ હવે જોવા મળી રહ્યો છે. રાજ્યમાં લાંબા સમયથી બાકી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે તૈયારીઓ તેજ બની છે. નવા અપડેટ આવ્યા છે કે, આગામી ૧ મે પછી ચૂંટણી યોજાઈ શકે છે, તેથી રાજકીય પક્ષોમાં ધમધમાટ શરૂ થઈ ગયો છે. ગુજરાતમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ત્રણેય રાજકીય પક્ષોએ પોતાના સોગઠા ગોઠવવાનું શરૂ કરી દીધું છે.

ગુજરાતમાં ૨૬૦ તાલુકા પંચાયતો, ૩૨ જિલ્લા પંચાયતો અને ૭૧ નગરપાલિકાઓની ચૂંટણી ૧ મે બાદ યોજાય તેવી શક્યતા છે.

હાલમાં અનેક સ્થાનિક સંસ્થાઓમાં વહીવટદારો કાર્યરત છે, જેમની મુદત ૧૭મી માર્ચથી પૂર્ણ થવાની શરૂઆત થશે.

ગુજરાતમાં ભર ઉનાળે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવી જાય તેવા ભણકારા વાગી રહ્યાં છે. હવે સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, સંભવ ૧ મેના રોજ મતદાન યોજાય તેવી શક્યતા છે. ગુજરાત સ્થાપનાના દિનના દિવસે ગુજરાતમાં ૨૬૦ તાલુકા ગુજરાતમાં પંચાયત, ૩૨ જિલ્લા પંચાયત, ૧૫ મહાનગરપાલિકા અને ૭૧ નગરપાલિકાઓમાં ચૂંટણી યોજાઈ શકે છે. રાજ્ય ચૂંટણી આયોગે આ માટે મતદાર મંડળો-યાદીને આખરી આપ આપવા પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. ત્યારે આકરી ગરમી વચ્ચે ગુજરાતમાં ચૂંટણીના માહોલને કારણે ગરમાવો આવશે.

રાજ્ય ચૂંટણી આયોગે SIR પછી ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા-ECIની મતદાર યાદીને આધારે પંચાયતોમાં મતક્ષેત્રો અને પાલિકાઓમાં વોર્ડમાં બેઠકોની ફાળવણી માટે પ્રાથમિક જાહેરનામાઓ પ્રસિધ્ધ કર્યા છે. સંભવતઃ માર્ચ મહિનાના અંત સુધીમાં તેને ફાઈનલ કરી દેવામાં આવે તેવી શક્યા છે. તેના બાદ એપ્રિલ મહિનાના બીજા કે ત્રીજા સપ્તાહે ચૂંટણી જાહેર કરવા લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેના આધારે શક્યતા ૧ મે બાદ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ગુજરાતમાં આગામી વર્ષે આવી રહેલી વિધાનસભાની ચૂંટણી માટે લિટમસ ટેસ્ટ ગણવામાં આવશે તેવું રાજકીય તજજ્ઞોનું માનવું છે.

ગુજરાત વિધાનસભાની પાંચ વર્ષની મુદ્દત ડિસેમ્બર, ૨૦૨૭ ના રોજ પૂર્ણ થશે. ત્યારે વિધાનસભાની ચૂંટણીનો ધમધમાટ પણ જલ્દી જ શરૂ થઈ જશે.

આ જોતા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મહત્વપૂર્ણ માનવામાં આવશે. કારણ કે, વિધાનસભાની ચૂંટણીના મૂળિયા આ ચૂંટણીમાં માપવામાં આવશે.

બીજો ફાયદો એ પણ છે કે, ગુજરાતની અનેક નગરપાલિકા, પંચાયતોમાં વહીવટદારોનું શાસન છે. તો કેટલીક પાલિકાઓમાં જલ્દી જ પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુદત પૂર્ણ થઈ જશે. નવા પ્રતિનિધિ નહિ ચૂંટાય ત્યા સુધી તમામ પાલિકાઓમાં વહીવટદારો રાજ કરશે. જે અંતર્ગત સરકારના પ્રતિનિધિઓ જેમકે, આઈએએસ, GAS સહિતના અધિકારીઓ ચાર્જ સંભાળશે. ગુજરાતની તમામ પાલિકા અને નગરપાલિકાઓમાં ૯ થી ૧૧ માર્ચ દરમિયાન તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુદત પૂરી થઈ રહી છે. જેમ કે, નગરસેવકો, કોર્પોરેટર, મેયર, પ્રમુખ સહિતના સમયગાળાનો અંત આવશે. તેથી ૧૦ માર્ચથી ૨૦ મે સુધી વહીવટદારો ગુજરાતમાં રાજ કરશે. જ્યા સુધી ચૂંટણી નહિ થાય, અને પ્રતિનિધિ નહિ ચૂંટાય, અને પ્રતિનિધિઓની પ્રથમ બેઠક નહિ મળે ત્યાં સુધી વહીવટ સરકારી અધિકારીઓ કરશે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૮/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૭/લીટર |
| CNG | રૂ. ૮૦.૩૬/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૨,૯૨૦ | ₹૨,૮૪,૯૦૦ |
| | -૧૦ | -૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૬૪ | ₹૧૨૨.૫૧ |

## અનિલ અંબાણીની મુશ્કેલીમાં ફરી વધારોઃ મુંબઈના ૧૨ સ્થળોએ EDના દરોડા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ શુક્રવારે સવારે ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને રિલાયન્સ પાવર સાથે જોડાયેલા એક ડઝન મુંબઈના સ્થળો પર શ્રેણીબદ્ધ દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી ૪૦,૦૦૦ કરોડના બેંક લોન અને મની લોન્ડરિંગ કેસ સાથે સંબંધિત છે. ગયા મહિને ૩,૫૦૦ કરોડના ઘરને જપ્ત કર્યા પછી, આ નવા દરોડાએ અંબાણીની મુશ્કેલીઓમાં વધુ વધારો કર્યો છે. શુક્રવારે સવારે ભારતીય કોર્પોરેટ જગતમાં મોટો ઉથલપાથલ મચી ગઈ. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમોએ ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને તેમની કંપની, રિલાયન્સ પાવર લિમિટેડ સાથે જોડાયેલા અનેક સ્થળોએ અચાનક દરોડા પાડ્યા. મીડિયા અહેવાલો અનુસાર, લગભગ ૧૦ થી ૧૨ અલગ અલગ સ્થળોએ વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે. તપાસ એજન્સીનું પ્રાથમિક લક્ષ્ય રિલાયન્સ પાવર અને તેના સહયોગીઓના રહેણાંક અને રજિસ્ટર્ડ ઓફિસો છે. જ્યારે ED દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી, પ્રારંભિક સંકેતો સૂચવે છે કે આ સમગ્ર કવાયત રિલાયન્સ પાવર સંબંધિત કેટલાક શંકાસ્પદ વ્યવહારો અને મોટા ભંડોળ ટ્રાન્સફરની સંપૂર્ણ તપાસ કરવા માટે હાથ ધરવામાં આવી રહી છે.



## કર્ણાટક સરકારનો મોટો નિર્ણય : ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધની જાહેરાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કર્ણાટક સરકારે ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ શુક્રવારે (૬ માર્ચ, ૨૦૨૬) રાજ્યનું બજેટ રજૂ કરતી વખતે આ જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે બાળકો પર મોબાઈલ ફોનના વધતા ઉપયોગની પ્રતિકૂળ અસરોને રોકવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ગયા મહિને, સિદ્ધારમૈયાએ બેંગલુરુમાં કુલપતિઓના પરિષદમાં આ મુદ્દા પર ચર્ચા કરી હતી અને તેમના મંતવ્યો માંગ્યા હતા. ચર્ચા દરમિયાન, મુખ્યમંત્રીએ મોબાઈલ ફોનના વ્યસન, ઓનલાઈન ગેમિંગ અને બાળકોના શિક્ષણ અને શારીરિક તંદુરસ્તી પર સોશિયલ મીડિયાની અસર અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

કર્ણાટક ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને બાયોટેકનોલોજી મંત્રી પ્રિયંક ખડગેએ ૩૦ જાન્યુઆરીએ કર્ણાટક વિધાનસભામાં કહ્યું હતું કે યુવાનોમાં સોશિયલ મીડિયાના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગને સુનિશ્ચિત કરવા માટે કેટલાક પગલાં લાવવાનું ગંભીરતાથી વિચારી રહી છે.



કોંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે આ એક ગંભીર મુદ્દો છે. ફિનલેન્ડ પહેલાથી જ આવી કાર્યવાહી કરી ચૂક્યું છે, અને યુનાઈટેડ કિંગડમ પણ આવી જ કાર્યવાહી કરવાનું વિચારી રહ્યું છે. તેમણે નોંધ્યું કે ઓસ્ટ્રેલિયાએ ચોક્કસ વય જૂથના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પહેલાથી જ પ્રતિબંધ મૂકી દીધો છે. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે તેમણે વધુ પડતા સોશિયલ મીડિયાના ઉપયોગને રોકવા માટે શું કરી શકાય તે જોવા માટે હિસ્સેદારો સાથે ચર્ચા પણ શરૂ કરી છે.

ઓસ્ટ્રેલિયાએ સગીર વયના વપરાશકર્તાઓ માટે સોશિયલ મીડિયાની ઍક્સેસ મર્યાદિત કરવા માટે કડક પગલાં લીધાં છે. ફ્રાન્સ અને સ્પેન સહિત અન્ય યુરોપિયન દેશોની શાળાઓએ પણ વર્ગખંડમાં વિક્ષેપો ઘટાડવા અને વિદ્યાર્થીઓની એકાગ્રતા સુધારવા માટે સ્માર્ટફોનના ઉપયોગ પર કડક નિયમો રજૂ કર્યા છે.

## આજથી ચારધામ યાત્રાનું રજિસ્ટ્રેશન શરૂ

ઉત્તરાખંડની વિશ્વપ્રસિદ્ધ ચારધામ યાત્રા ૨૦૨૬ માટેની નોંધણી શરૂ થઇ ગઇ છે. દેશ અને દુનિયાભરના શ્રદ્ધાળુઓ માટે નોંધણી કરાવાનું શરૂ કરી દીધું છે. આજે, શુક્રવારે, સવારે ૭ વાગ્યે સત્તાવાર રીતે રજિસ્ટ્રેશન ઓપન થયું. . જો તમે પણ બાબા કેદાર અથવા બદ્રી વિશાલના દર્શન કરવાનું આયોજન કરી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ વર્ષે, યાત્રા એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં શરૂ થાય છે. આ યાત્રા ૧૯ એપ્રિલે ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોના કપાટ ખોલવાની સાથે શરૂ થશે. કેદારનાથ મંદિરના કપાટ ૨૨ એપ્રિલે શ્રદ્ધાળુઓ માટે ખુલશે. બદ્રીનાથ મંદિરના કપાટ ૨૩ એપ્રિલે ખુલશે. જે લોકો ડિજિટલ મીડિયાનો ઉપયોગ કરી શકતા નથી, તેમના માટે ૧૭ એપ્રિલથી ઋષિકેશ, હરિદ્વાર અને દેહરાદૂન ખાતે ઓફલાઇન કાઉન્ટર ખોલવામાં આવશે. વિભાગે કોઈપણ સહાય માટે હેલ્પલાઇન નંબર ૦૧૩૫-૧૩૬૪ જાહેર કર્યો છે. નોંધણી શરૂ થઈ ગઈ છે, ત્યારે મુલાકાતીઓની સંખ્યા મર્યાદિત કરવાના સરકારના નિર્ણય સામે વિરોધ પણ શરૂ થઈ ગયો છે.

## ભારતીય લડાયક વિમાન સુખોઇ-૩૦ દુર્ઘટનાગ્રસ્ત થતા બે પાઈલોટના મૃત્યુ

### ઉડાનની થોડી મિનિટોમાં જ તૂટી પડયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય હવાઈદળનું સુખોઈ-૩૦ એમ.કે.આઈ. લડાયક વિમાન આસામમાં તૂટી પડતા બન્ને પાઈલોટના મૃત્યુ થયા હતા. આ દુર્ઘટના આસામના કરાલી આંગલોગ જીલ્લામાં દુર્ઘટનાગ્રસ્ત થયુ હતું.

ગઈકાલે સાંજે બનેલી આ દુર્ઘટનામાં સુખોઈ-૩૦ જોહરટના એરફોર્સ બેઝથી ઉડાન ભર્યા બાદ થોડીજ મીનીટોમાં એટલે કે સાંજે ૭:૪૨ કલાકે તેનો સંપર્ક તૂટી જતા એલર્ટ જારી કરાયુ હતું અને મોડી રાત્રીના કરલી એંગલોંગમાં જોહરટથી ફકત ૬૦ કી.મી. દુર તેનો કાટમાળ મળ્યો હતો.



જેમાં સ્કોડ્રન લીડર અનુજ અને ફલાઈટ લેફ. પુર્વેશ દુરાગકરના મૃત્યુ થયા છે. ટુ-સીટર ફાઈટર જેટ વિમાન રશિયન બનાવાનુ છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ વિમાન અચાનક જ જમીન પર ધસી પડતા મોટા વિસ્ફોટ સાથે આગ જોવા મળી હતી. તેઓએ તુર્તજ સ્થાનિક પોલીસને જાણ કરી હતી અને હવાઈદળની ટીમ પણ પહોંચી ગઈ હતી.

ભારત પાસે આ શ્રેણીના જે વિમાનો છે તેમાં સુખોઈ-૩૦ એમકેઆઈ લેટેસ્ટ વર્ઝન છે અને ૪ પ્રકારના મિસાઈલ ૧૦ બોમ્બ એકી સાથે વહન કરી શકે છે.

## યુદ્ધ વચ્ચે પેટ્રોલ-ડિઝલ-ગેસનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી ભાવ વધારાશે નહીંઃ કેન્દ્રની ખાતરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાન સામેના અમેરિકા-ઈઝરાયેલના લશ્કરી આક્રમણ અને તેમાં પુરા ગલ્ફના દેશો સુધી ફેલાયેલી આગ, ઈરાન દ્વારા હોર્મુઝ જે જળમાર્ગ બંધ કરતા ક્રુડતેલ સપ્લાયને પણ થઈ રહેલી અસરથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડતેલના ભાવમાં થઈ રહેલા વધારા તથા પુરવઠાની અનિશ્ચિતતા વચ્ચે પણ કેન્દ્ર સરકાર પેટ્રોલ-ડિઝલના ભાવ વધારશે નહી અને પેટ્રોલિયમ પેદાશોની અછત પણ સર્જાવા દેશે નહી.

દેશભરમાં આ અંગે સર્જાયેલી ચિંતા-ઉચાટમાં સરકારે સ્પષ્ટ કર્યુ છે કે ક્રુડતેલના ભાવ વધ્યા છે. પરંતુ તેની ગ્રાહકોને અસર થવા દેવાશે નહી. સરકારે સ્પષ્ટ કર્યુ છે. દેશમાં ક્રુડતેલ, ગેસ, પેટ્રોલીયમ પેદાશોનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે તો કતારમાં જે રીતે ગેસ ઉત્પાદન- સપ્લાય બંધ થઈ છે તો તેના વિકલ્પમાં ઓસ્ટ્રેલિયા-કેનેડાએ ભારતને ગેસનો પુરવઠો ઉપલબ્ધ બનાવવા ઓફર કરી છે. સરકારે સ્પષ્ટ કર્યુ છે કે, ગેસની ઉપલબ્ધતા ઓછી થાય તો પણ ઘરેલુ પીએનજી (પાઈપલાઈન-મારફત પુરા પડાતા ગેસ) તથા વાહનોના સીએનજીનો પુરવઠો જાળવી રખાશે તથા ઉદ્યોગોને પ્રાથમીકતાના આધારે ગેસ અપાશે.

દેશમાં ૫૦ દિવસનો પુરવઠો ઉપલબ્ધ છે તો આયાતના વિકલ્પ ચકાસી રહી છે. શીપીંગ અને વિમા કંપનીઓને પણ વધુ પડતા ઉંચા ભાડા- પ્રિમીયમ નહી વસુલવા માટે વાટાઘાટના ટેબલ પર લઈ અવાયા છે.




## ભારત માટે રાહતના સમાચાર : હોર્મુઝ સ્ટ્રેટ માત્ર અમેરિકા - સાથી દેશો માટે જ બંધ કર્યાનું ઈરાનનું એલાન

### ભારતીય જહાજો પર અવરજવર પ્રતિબંધિત નહી થાય

**મુખ્ય સમાચાર, તહેરાન**

મધ્ય પૂર્વના ભીષણ યુદ્ધ વચ્ચે ઈરાન દ્વારા તાજેતરમાં કરાયેલું એલાન ભારત માટે સૌથી મોટી અને રાહતના સમાચાર માની શકાય છે. હોર્મુઝ સ્ટ્રેટને લઈને ઈરાને નવો ફતવો જાહેર કર્યો છે, જેમાં ભારતને મોટી છૂટ મળવાના સંકેત દેખાય રહ્યા છે. ઈરાની સેનાના સત્તાવાર નિવેદન મુજબ, આ દરિયાઈ રસ્તો માત્ર અમેરિકા-ઈઝરાયલ અને તેમના સહયોગી દેશો માટે જ બંધ કરવામાં આવ્યો છે.




ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશન ગાર્ડ કોર્પ્સ એ સ્પષ્ટ કર્યું છે કે તેમણે હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર પર જે પ્રતિબંધ મૂક્યો છે તે માત્ર અમેરિકા, ઈઝરાયલ, યુરોપ અને તેમના સહયોગીઓ માટે જ છે. જો આ દેશોના જહાજો અહીં જોવા મળશે તો તેમને નિશ્ચિતપણે નિશાન બનાવવામાં આવશે. ભારત માટે આ સમાચાર કોઈ વરદાનથી ઓછા નથી.કારણ કે ભારત દરરોજ આશરે ૨૬ લાખ બેરલ કાચું ઓઈલ આ રસ્તેથી મંગાવે છે.ભારતની કુલ જરૂરિયાતના ૫૦ થી ૫૫% ક્રૂડ ઓઈલ અને એલએનજી (કગ્રઋ) આ જ સાંકડી સમુદ્રધૂનીમાંથી પસાર થાય છે.ભારત ઓઈલ માટે ૮૫% થી વધુ આયાત પર નિર્ભર છે, જેમાંથી મોટાભાગનું ખાડી દેશોમાંથી હોર્મુઝ સ્ટ્રેટ થઈને આવે છે.

## બિહારના રાજકારણમાં મોટો વળાંક : નીતીશકુમારે રાજયસભામાં જતા પૂર્વે ભાજપ પાસે ગૃહ મંત્રાલયની માંગ કરી

### ભાજપની મુશ્કેલીમાં વધારો : જો ભાજપ આ મંત્રાલય પાછું આપે છે, તો નવા મુખ્યમંત્રીની સત્તા અડધી થઈ જવાની ભીતિ

**મુખ્ય સમાચાર, પટણા**

બિહારના રાજકારણમાં મોટો વળાંક આવ્યો છે. મુખ્યમંત્રી નીતીશ કુમારે રાજ્યસભામાં જવા માટે નામાંકન ભરવાની સાથે જ શક્તિશાળી ગૃહ મંત્રાલય ફરીથી જેડીયુને સોંપવાની શરત રાખીને ભાજપની મુશ્કેલી વધારી દીધી છે.



બિહારની રાજનીતિમાં ફરી એકવાર ગરમાવો આવી ગયો છે. મળતા અહેવાલો મુજબ, મુખ્યમંત્રી નીતીશ કુમારે કેન્દ્રની રાજનીતિમાં જવા એટલે કે રાજ્યસભામાં પ્રવેશવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પરંતુ, દિલ્હી જતા પહેલા તેમણે પોતાની રાજકીય ચાલ રમતા ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સામે એક મોટી શરત મૂકી દીધી છે. પ્રાપ્ત સત્તાવાર વિગતો અનુસાર, નીતીશ કુમાર અને જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) એ રાજ્યની કાયદો અને વ્યવસ્થાનું સંચાલન કરતા અત્યંત મહત્વપૂર્ણ એવા ગૃહ વિભાગ પર ફરીથી દાવો ઠોક્યો છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૨૦ વર્ષથી એનડીએ ગઠબંધનની સરકારમાં આ મંત્રાલય નીતીશ કુમાર પાસે જ રહેતું હતું. જોકે, તાજેતરની વિધાનસભા ચૂંટણી બાદ સત્તા સમીકરણો બદલાતા આ શક્તિશાળી વિભાગ ભાજપના નેતા સમ્રાટ ચૌધરીના ફાળે ગયો હતો. આ બાબતે જેડીયુના નેતાઓમાં લાંબા સમયથી આંતરિક અસંતોષ ધૂંધવાઈ રહ્યો હતો. હવે જ્યારે ભાજપ પોતાનો મુખ્યમંત્રી બનાવવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે નીતીશ કુમારની આ મોટી માંગે ભાજપની છાવણીમાં ભારે ચિંતા જગાવી છે. નીતીશ કુમારના રાજ્યસભામાં જવાના નિર્ણય બાદ બિહારમાં નવા મુખ્યમંત્રી અને સત્તાની વહેંચણીને લઈને ભાજપ અને જેડીયુ વચ્ચે આંતરિક ખેંચતાણ શરૂ થઈ છે, જેમાં આ ગૃહ વિભાગ મુખ્ય મુદ્દો બન્યો છે.


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં જી.કે. હોટલમાં લાગી ભીષણ આગ, અંતે મોકડ્રીલ જાહેર

## મોરબી મનપાની ફાયર શાખાએ શાળામાં ૧૫ વિદ્યાર્થીઓને ફાયર પ્રિવેન્શન તાલીમ આપી, કોમ્પ્લેક્ષ અને સમાજવાડીમાં ફાયર સેફ્ટીની ચકાસણી





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ત્રાજપર ચોકડી નજીક આવેલી જી.કે. હોટલ ખાતે આગ લાગી હોવાની પરિસ્થિતિ સર્જાઈ હોય તેવી મોકડ્રીલ મોરબી મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા દ્વારા યોજાઈ હતી. જેમાં ફાયર ટીમે તાત્કાલિક આગ પર કાબૂ મેળવી પ્રથમ માળે ફસાયેલા ગેસ્ટને સલામત બહાર કાઢ્યા હતા. બાદમાં આ સમગ્ર કાર્યવાહીને મોકડ્રીલ હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. સાથે જ ફાયર વિભાગ દ્વારા હોટલ સ્ટાફ અને શહેરીજનોને ફાયર સેફ્ટી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન અને ઈમરજન્સી શાખા દ્વારા શહેરમાં આપત્તિ સમયે ઝડપી પ્રતિસાદ આપવા માટે મોકડ્રીલ યોજાઈ હતી. ત્રાજપર ચોકડી નજીક આવેલી જી.કે. હોટલના સંચાલક દ્વારા હોટલમાં આગ લાગવાની અને પ્રથમ માળે ગેસ્ટ ફસાઈ ગયા હોવાનો ઈમરજન્સી કોલ ફાયર વિભાગને કરવામાં આવ્યો હતો. કોલ મળતા જ મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ફાયર ફાઈટીંગની કામગીરી હાથ ધરી આગ પર કાબૂ મેળવ્યો હતો. સાથે સાથે પ્રથમ માળે ફસાયેલા ગેસ્ટને રેસ્ક્યુ કરીને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યાર-બાદ તંત્ર દ્વારા આ સમગ્ર કાર્યવાહી મોકડ્રીલ હોવાનું જાહેર કરતા હોટલ સ્ટાફ તેમજ હાજર લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ મોકડ્રીલ બાદ ફાયર વિભાગની ટીમ દ્વારા હોટલના સ્ટાફ તથા ત્યાં હાજર શહેરીજનોને ફાયર સેફ્ટી અંગે માહિતી અને તાલીમ આપવામાં આવી હતી. તેમજ કોઈપણ ઈમરજન્સી સમયે અગ્નિશમન શાખાનો સંપર્ક કરીને નાની મોટી દુર્ઘટના કે આપદા કેવી રીતે નિવારી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ મોકડ્રીલનો મુખ્ય હેતુ આકસ્મિક ઘટના સમયે કેવી રીતે ઝડપી પ્રતિસાદ આપવો અને લોકોને સુરક્ષા પ્રત્યે જાગૃત બનાવવાનો હતો.

આ ઉપરાંત મોરબી મહાનગરપાલિકાની ફાયર શાખા દ્વારા તા.૨૪ ફેબ્રુઆરી થી ૨ માર્ચ ૨૦૨૬ દરમિયાન એક શાળામાં ૧૫ વિદ્યાર્થીઓને ફાયર પ્રિવેન્શન અંગે તાલીમ આપવામાં આવી હતી. સાથે સાથે પ્રિવેન્શન અભિયાન અંતર્ગત સમાજવાડી, કોમ્પ્લેક્ષ અને ઈન્ડસ્ટ્રીઝ જેવી બિલ્ડિંગમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ફાયર એનઓસી ન ધરાવતા બિલ્ડિંગોને નોટીસ આપીને જરૂરી સૂચનો અને માર્ગદર્શિકા પણ આપવામાં આવી હતી. અગાઉ આપેલી નોટીસના પગલે ૧૮૯ કોમ્પ્લેક્ષ અને ૩૮ સમાજવાડીમાં ફાયર સેફ્ટી સિસ્ટમ લગાવવામાં આવી છે અથવા તેની કામગીરી શરૂ કરવામાં આવી છે. ઉપરાંત ફાયર સેફ્ટી મંજૂરી માટે આવેલી બે અરજીઓને આર.એફ.ઓ. કચેરીમાં ફોરવર્ડ કરવામાં આવી છે.

આ સમયગાળા દરમિયાન ફાયર વિભાગને ૪ રેસ્ક્યુ કોલ અને ૨ આગ લાગવાના બનાવો અંગે કોલ મળ્યા હતા. આવી કામગીરી દરમિયાન ફાયર બ્રિગેડના જવાનો આધુનિક પીપીઈ સાધનો સાથે કામગીરી બજાવતા હોવાનું જણાવાયું છે. કોઈપણ આપત્તિ અથવા આગ લાગવાની ઘટનામાં નાગરિકો મોરબી ફાયર અને ઈમરજન્સી સર્વિસના ફોન નં. (૦૨૮૨૨) ૨૩૦૦૫૦, ૧૦૧ અને ૧૧૨ પર સંપર્ક કરી શકે છે. તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઉનાના ભેભા ગામે તીક્ષ્ણ હથિયાર વડે પત્નીની હત્યા કરતા સ્થાનિકોએ આરોપીને દોયડે બાંધ્યો

### ઉના તાલુકામાં હત્યાનો બીજો બનાવ સામે આવ્યો



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના ભેભા ગામે પતિ પત્નીના ઘર કંકાસને કારણે પતિએ તેમની પત્નીને તીક્ષ્ણ હથિયાર વડે મારી હરી નાખતા હત્યાનો બનાવ સામે આવ્યો છે આ કરુણ ઘટના બનતા સમગ્ર ગામમાં દેકારો મચી જવા પામ્યો છે તાલુકાના ભેભા ગામે ભર બપોર સુમારે આરોપી પતિ પત્નીની હત્યા કરી અને ભાગવાની ફિરાતમાં હતો

ત્યાં અચાનક આજુબાજુના લોકોએ બૂમા બૂમ પાડી અને આરોપીને ભાગવત જતા સ્થાનિકોએ તેને ગામમાં આવેલું ઝાડ પાસે દોયડે બાંધી દીધો બાંધ્યા બાદ પોલીસને જાણ કરવામાં આવી ત્યાર બાદ ઉના પોલીસ ઘટના સ્થળે દોડી આવી અને મહિલાનું જે મૃત દેહ હતું જે લોહી લુહાણ હાલતમાં હતું અને પોલીસે તપાસ કરતા ત્યાંથી હથિયાર પણ મળી આવ્યું મૃતદેહને તાત્કાલિક ઉના સરકારી હોસ્પિટલે પોસ્ટમોર્ટમ અર્થે ખસેલ ત્યારબાદ જે ઝાડથી બાંધેલો હતો આરોપી તેને પોલીસે દોરડા છોડાવી અને તેને ઝડપી પાડી હત્યા અંગેનો ગુનો નોંધી અને પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે હત્યાનું કારણ મૂળ કારણ પતિ પત્ની વચ્ચે અવારનવાર ઝઘડો થતો હતો આ હત્યાને કારણે પરિવારમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે જ્યારે પરિવારજનો ન્યાયની માંગણી કરી રહ્યા છે

# ઉનાના ગોધરા ચોક વિસ્તારમાં અસામાજિક તત્વોએ આતંક મચાવતા પોલીસે એક આરોપીને ઝડપ્યો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના ગોધરા ચોક વિસ્તારમાં અમુક અસામાજિક તત્વો દ્વારા આતંક મચાવતા નજરે પડે છે જ્યારે આવતા જતા વાહનો પર પથ્થર મારો કરતા નો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો જેને લઈને પોલીસ પણ સક્રિય થઈ હતી બેથી વધુ પુરુષ અને એક મહિલા જોવા મળે છે જોવા મળે છે ગાડીઓ ઉપર પથ્થર મારતા નજરે પડે પોલીસ સામે આ ઘટના આવતા તરત જ પોલીસ એક્શન મૂડમાં આવી જેમાં એક આરોપીને તરત જ ઝડપી પાડ્યો અને તેને જેલ વાલે કર્યો પણ આવા અસામાજિક તત્વોએ આવી અનેક જગ્યાઓ પર અડધો જમાવ્યો છે અને નશો કરી અને બેફામ ફરતા જોવા મળે છે જેને કારણે સ્થાનિકોમાં પણ ભાય નોમાહોલ સર્જાયો છે ચાલુ ફોરવીલ ગાડીઓમાં રાત્રિ દરમિયાન આ પથ્થર મારો કરતા આનો સામે આવ્યો હતો પોલીસે પણ આવા



અસામાજિક તત્વોને ડામી દેવા જોઈએ અને તેને કાયદાનું ભાન કરાવું જોઈએ હજી બાકીના આરોપી પકડવાના બાકી હોય પણ પોલીસ તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે કર્યા છે અનેક ગાડીના કાચ તોડ્યા છે તેવા અહેવાલ પણ સામે આવ્યા છે પોલીસની પણ રાત્રી દરમિયાન પેટ્રોલિંગ વધારી દેવું જોઈએ તેવી લોકોની માંગ છે

# મોરબીના ઐતિહાસિક સૂરજબાગના નવીનીકરણનું 30 ટકા કામ પૂર્ણ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના ઐતિહાસિક સૂરજબાગના નવીનીકરણનું કામ મોરબી મહાનગરપાલિકા દ્વારા તેજ ગતિએ કરવામાં આવી રહ્યું છે. હાલમાં લગભગ ૩૦ ટકા જેટલું સિવિલ કામ પૂર્ણ થઈ ગયું છે અને આગામી તબક્કામાં બાળકો માટે પ્લે એરિયા, બેઠક વ્યવસ્થા તથા વૃક્ષારોપણ જેવી કામગીરી હાથ ધરવામાં આવશે.

મોરબી શહેરના ઐતિહાસિક અને લોકપ્રિય બગીચા તરીકે ઓળખાતા સૂરજબાગને આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવા મોરબી મહાનગરપાલિકા દ્વારા નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ બગીચાને આધુનિક રૂપ આપીને શહેરીજનો માટે વધુ આકર્ષક અને સુવિધાસભર બનાવવાનો હેતુ રાખવામાં આવ્યો છે. તાજેતરમાં આ પ્રોજેક્ટનું અત્યાર સુધીમાં આશરે ૩૦ ટકા જેટલું સિવિલ કામ પૂર્ણ થઈ ગયું છે. જેમાં બગીચાની જમીન સપાટ કરવા માટેનું લેવલિંગનું મુખ્ય કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. સાથે સાથે બગીચામાં વોકિંગ ટ્રેક માટેનું માળખું તૈયાર કરીને તેની સીમાઓ પણ નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત બગીચામાં પાણીના યોગ્ય નિકાલ માટે ડ્રેનેજ સિસ્ટમ તેમજ છોડ-વૃક્ષોને પાણી મળી રહે તે માટે પાઈપલાઈનનું પ્રાથમિક કામ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. હાલ બગીચાની આસપાસ કમ્પાઉન્ડ વોલ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

આગામી તબક્કામાં બગીચામાં બાળકો માટે આધુનિક પ્લે એરિયા, શહેરીજનો માટે બેઠક વ્યવસ્થા તેમજ વિશાળ પાયે વૃક્ષારોપણ કરવાની યોજના છે. નવીનીકરણનું કામ પૂર્ણ થયા બાદ મોરબીના શહેરીજનોને સૂરજબાગ નવા રૂપમાં જોવા મળશે તેમ મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખાના ડેપ્યુટી ઈજનેરે જણાવ્યું હતું.

# મોરબીના ઉંચી માંડલ ગામે કેનાલમાં ડૂબેલા શ્રમિકનો ૨૪ કલાક બાદ મૃતદેહ મળ્યો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ઉંચી માંડલ ગામ નજીક કેનાલમાં ડૂબી ગયેલા રાજસ્થાનના શ્રમિક યુવાનનો મૃતદેહ મોરબી ફાયર બ્રિગેડે ભારે જહેમત બાદ અંદાજે ૨૪ કલાક પછી શોધી કાઢ્યો હતો. આ ઘટનાથી વિસ્તારમાં શોક છવાયો છે.

મોરબી તાલુકાના ઉંચી માંડલ ગામ નજીક કેનાલમાં ડૂબી ગયેલા યુવાન શ્રમિકનો મૃતદેહ મોરબી ફાયર અને રેસ્ક્યૂ ટીમે ભારે જહેમત બાદ બહાર કાઢ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ૧૧૨ કંટ્રોલ રૂમમાંથી મોરબી ફાયર કંટ્રોલ રૂમને રેસ્ક્યૂ કોલ મળ્યો હતો કે ઉંચી માંડલ ગામ નજીક એક યુવાન કેનાલમાં ડૂબી ગયો છે. કોલ મળતા જ મોરબી ફાયર બ્રિગેડની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને શોધખોળ કામગીરી હાથ ધરી હતી. સતત ચાલેલી શોધખોળ અને ભારે જહેમત બાદ અંદાજે ૨૪ કલાક પછી કેનાલમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારે મૃતકની ઓળખ મુજબ સુરેશભાઈ અત્તરસિંગ ગુજ્જર ઉવ.૨૧ રહે.મૂળ રાજસ્થાન રાજ્યના દોલપુર જિલ્લાના બાડી તાલુકાના મેદપુરા ગામનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. ફાયર બ્રિગેડની ટીમે મૃતદેહ બહાર કાઢી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોરબી શહેરને વધુ પ્રકાશિત બનાવવા મનપાની કામગીરી તેજ

### વિવિધ માર્ગો પર સ્ટ્રીટ લાઈટ પોલનું કામ પ્રગતિ હેઠળ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિકલ શાખા દ્વારા શહેરમાં લાઈટિંગ સુવિધા મજબૂત બનાવવા માટે વિવિધ મુખ્ય માર્ગો પર નવા સ્ટ્રીટ લાઈટ પોલ નાખવાની કામગીરી હાથ ધરાઈ છે. શનાળા થી ઘુનડા રોડ સુધીનું કામ પૂર્ણ થયું છે જ્યારે મહેન્દ્રનગર-પીપળી રોડ અને શનાળા સર્કલ થી રાજપર રોડ પર કામગીરી ચાલુ છે.

મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિકલ શાખા દ્વારા શહેરને વધુ પ્રકાશિત અને સુરક્ષિત બનાવવા માટે સતત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના મુખ્ય માર્ગો પર સ્ટ્રીટ લાઈટ સાથે નવા પોલ સ્થાપિત કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે, જેના કારણે રાત્રિના સમયે વાહનચાલકો અને શહેરીજનોને વધુ સુવિધા મળશે. આ કામગીરી અંતર્ગત શનાળા થી ઘુનડા રોડ સુધી સ્ટ્રીટ લાઈટ સાથે પોલ સ્થાપિત કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે હાલમાં મહેન્દ્રનગર થી પીપળી રોડ સુધી મહાનગરપાલિકાની હદ સુધી તથા શનાળા સર્કલ થી રાજપર રોડ સુધી સ્ટ્રીટ લાઈટ પોલ સ્થાપિત કરવાની કામગીરી ઝડપથી ચાલી રહી છે. આ કામ ટૂંક સમયમાં પૂર્ણ થવાની શક્યતા છે, જેના કારણે શહેરના આ વિસ્તારો વધુ પ્રકાશિત બનશે અને જનતાની સુખાકારીમાં વધારો થશે. આ બન્ને માર્ગોની કામગીરી પૂર્ણ થયા બાદ શહેરના અન્ય જરૂરી માર્ગો પર પણ આવશ્યકતા મુજબ નવા પોલ નાખીને સ્ટ્રીટ લાઈટ લગાવવામાં આવશે. આ ઉપરાંત મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના ઐતિહાસિક સ્થળ મણી મંદિર તથા ગ્રીન ચોક ખાતે ડાયનેમિક લાઈટિંગ નાખવાની પ્રક્રિયા પૂર્ણ કરી એજન્સીને વર્ક ઓર્ડર પણ આપવામાં આવ્યો છે. આ કામ પૂર્ણ થયા બાદ આ સ્થળો વધુ આકર્ષક બનશે.

# જામનગર નજીક દરેડ વિસ્તારમાં પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના દરેડ નજીક પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા પુષ્કળ પાણીનો વેડફાટ થયો હતો. આ અંગેની જાણ થતા જ મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખાનો કાફલો ત્યાં પહોંચ્યો હતો અને મરામતની કામગીરી હાથ ધરી હતી.જામનગર જિલ્લાના સસોઈ ડેમમાંથી પાણી લાવતી મોટા કદની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું.આથી પાણીના રીતસર ફૂવારા ઉડ્યા હતાં અને અમૂલ્ય જળ રાશીનો વેડફાટ થયો હતો. જો કે, ક્યા કારણોસર ભંગાણ સર્જાયુ તે વિગતો જાણવા મળી નથી.

આ બાબતની જાણ થતા જ મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખાનો સ્ટાફ દોડી ગયો હતો અને પાણીની આવક બંધ કરાવી, પાઈપલાઈન ખાલી કરાવી તેની મરામતની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. જે કામ સાંજ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે.



# મોરબી મનપા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નવી અરજી માટે રાત્રી સભાનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ના BLC ઘટક હેઠળ નવી અરજીઓ સ્વીકારવા તથા આવાસ વિહોણા લોકોને યોજનાના લાભ વિશે માહિતગાર કરવા ત્રાજપર અને ભડિયાદ ગામે રાત્રી સભાનું આયોજન કરવામાં આવ્યું છે. મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત બીએલસી ઘટક હેઠળ નવી અરજીઓ સ્વીકારવા અને આવાસ વિહોણા લોકોને યોજનાના લાભોથી માહિતગાર કરવા માટે રાત્રી સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાત્રી સભામાં PMAY (U) ૨.૦ અંતર્ગત કોને લાભ મળે છે, અરજી કેવી રીતે કરવી તેમજ પોતાના મકાનના બાંધકામ માટે સરકાર તરફથી મળતી સહાય વિશે મોરબી મહાનગરપાલિકાના આવાસ વિભાગ દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવશે.

આ આયોજન હેઠળ ક્લસ્ટર-૪ વિસ્તારમાં ત્રાજપર ગ્રામ પંચાયત કચેરી ખાતે તા.૦૫ માર્ચ ૨૦૨૬ ગુરુવારે રાત્રે ૭ થી ૮ વાગ્યા સુધી રાત્રી સભા યોજાશે. જ્યારે ભડિયાદ ગ્રામ પંચાયત કચેરી ખાતે તા.૦૬ માર્ચ ૨૦૨૬ શુક્રવારે રાત્રે ૭ થી ૮ વાગ્યા સુધી રાત્રી સભાનું આયોજન કરવામાં આવ્યું છે. મોરબી મહાનગરપાલિકાએ પોતાના સપનાનું નવું ઘર બનાવવા ઇચ્છુક તથા આવાસ વિહોણા લોકોને આ રાત્રી સભામાં હાજર રહી યોજનાની માહિતી મેળવી લાભ લેવા અનુરોધ કર્યો છે.

# જામનગરમાં યુવાન સાથે ઓનલાઈન ઓર્ડર કેન્સલ કરવાના બહાને રૂ.૨.૨૪ લાખની સાયબર છેતરપિંડી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં એક યુવાન સાથે ઓનલાઈન ઓર્ડર કેન્સલ કરવાના બહાને રૂ. ૨.૨૪ લાખની સાયબર છેતરપિંડી થઈ છે. શંકરટેકરી વિસ્તારમાં રહેતા આ યુવાને ઓનલાઈન એપ પરથી વસ્તુ મંગાવી હતી, જે બાદ તેને ઠગાઈનો ભોગ બનવું પડ્યું.ફરિયાદી કિશન અમૃતલાલ ગોંડલીયા (ઉંમર ૨૯ વર્ષ) મજૂરી કામ કરે છે. તેમણે પોતાના ઘર માટે પ્લાસ્ટિકનું ટેબલ ડ્રોઅર ખરીદવા માટે ઓનલાઈન એપ્લિકેશન પર ઓર્ડર આપ્યો હતો. ઓર્ડર આપ્યાના લાંબા સમય સુધી વસ્તુ ન મળતા, કિશનભાઈએ ઓર્ડર સંબંધિત નંબર પર ફોન કર્યો હતો.ફોન પર વાત કરનાર આરોપી કુનાલકુમાર નામના વ્યક્તિએ કિશનભાઈને જણાવ્યું કે તેમનો ઓર્ડર કેન્સલ થઈ ગયો છે અને તેને ફરી પ્રક્રિયામાં લાવવા માટે OTP આપવો પડશે. વિશ્વાસમાં આવીને ફરિયાદીએ OTP આપી દીધો હતો. આ પછી, આરોપીએ ફરિયાદીના ફોન પે એપ્લિકેશનમાં 8472028098-2@nyes નામની આઈડી બનાવડાવી હતી.આરોપીએ ફરિયાદીના બેંક ઓફ બરોડાના ખાતામાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ ૨,૨૪,૬૨૪ ઉપાડી લીધા હતા. પૈસા પાછા ન મળતા, ફરિયાદીને છેતરપિંડી થયાનો અહેસાસ થયો અને તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ ઘટના ૭ જાન્યુઆરી, ૨૦૨૬ અને ૯ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ બની હતી.આ મામલે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૭(૨), ૩૧૮(૪), ૩૧૯ (૨) તથા આઈ.ટી. એક્ટની કલમ ૬૭(સી) અને ૬૬(ડી) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. કેસની તપાસ સીટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી. ડાભી કરી રહ્યા છે.આ પ્રકારની ઘટનાઓ ડિજિટલ વ્યવહારોમાં સાવચેતી રાખવાની જરૂરિયાત દર્શાવે છે. અજાણી વ્યક્તિને OTP, બેંક વિગતો અથવા એપ્લિકેશન એક્સેસ આપવો અત્યંત જોખમી બની શકે છે. લોકોએ ડિજિટલ સુરક્ષા વિશે જાગૃત રહેવું અને કોઈપણ શંકાસ્પદ કોલ અથવા સંદેશાથી સાવચેત રહેવું હિતાવહ છે.

# જામનગર જિલ્લામાં આગામી તહેવારોને અનુલક્ષીને હથિયારબંધી જાહેર કરવામાં આવી

**મુખ્ય સમાચાર, જામનગર**

આગામી દિવસોમાં ચેટીચાંદ, રમજાન ઈદ, રામ નવમી, મહાવીર જન્મ કલ્યાણ, ગુડ ફ્રાઈડેના તહેવાર આવતા હોય જેને અનુલક્ષીને જામનગર જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ઈ.ચા.એસ.એમ.કાથડ, જામનગર દ્વારા સમગ્ર જિલ્લામાં આગામી તા.૦૪-૦૪-૨૦૨૬ સુધી હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામા મુજબ કોઈપણ વ્યક્તિએ શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, લાઠી તેમજ શારીરિક ઇજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધન, કોઈપણ પ્રકારના ક્ષયકારી અને સ્ફોટક દારૂગોળો જેવા પદાર્થો, પથ્થરો અને ફેંકી શકાય તેવી વસ્તુઓ, ધકેલવાના યંત્રો, મનુષ્ય અથવા તેના શબ, આકૃતિઓ કે પૂતળાં દેખાડવા કે બાળવા, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સૂત્રો પોકારવા, ગીતો ગાવા, ટોળામાં ફરવું, પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપિંગ મોલ, સિનેમા હોલ અને એમ.પી. શાહ મ્યુનિ. ટાઉનહોલમાં પ્રવેશ કરવો- આવી તમામ પ્રવૃતિઓ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.આ જાહેરનામાંનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ- ૧૩૫.૧. મુજબ દંડની સજા, ઓછામાં ઓછાં ૪ મહિનાની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે.જાહેરનામું ફરજ પરના હાજર અધિકારીઓ, કર્મચારીઓ, હોમ ગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો જેઓને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય, સરકારી અધિકારીઓ, કર્મચારીઓ જેઓ હથિયાર ધરાવતા હોય, શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી હોય, પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓ, પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજા, યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓએ દંડ રાખેલ હોય, પોલીસ અધિક્ષક અથવા તેમણે નિયુક્ત કરેલા અધિકારીની કાયદેસરની પરવાનગી મેળવેલ હોય અને કિરપાણ રાખેલ શીખને લાગુ પડશે નહિ.

# મોરબીમાં ૮ માર્ચે રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાના જન્મદિવસ નિમિત્તે મેગા બ્લડ ડોનેશન કેમ્પ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ધારાસભ્ય અને રાજયમંત્રી કાંતિભાઈ અમૃતિયાના જન્મદિવસ નિમિત્તે ૮ માર્ચે મોરબીના ઉમા ટાઉનશીપ ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં રક્તદાન કરવા મોરબીવાસીઓને અપીલ કરવામાં આવી છે.

ગુજરાત સરકારના રાજ્યમંત્રી અને મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાના જન્મદિવસ નિમિત્તે આગામી તા. ૮ માર્ચે મોરબી શહેરમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મોરબી-૨ વિસ્તારમાં આવેલ ઉમા ટાઉનશીપ ખાતે સવારે ૮૦૦ કલાકથી કેમ્પનો પ્રારંભ થશે અને દીપ પ્રજ્વલન સાથે કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત લોકોમાં માનવ સેવા અને રક્તદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે ''આપનું રક્તદાન બનશે, કોઈનું જીવનદાન'' સંદેશ સાથે મોટી સંખ્યામાં લોકોને રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે. આ દિવસ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોવાને કારણે બહેનોને પણ મોટી સંખ્યામાં હાજરી આપી રક્તદાન કરવા વિનંતી કરવામાં આવી છે.

આ આયોજન દ્વારા કાંતિભાઈ અમૃતિયાના નિરોગી અને દીર્ઘાયુષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવશે. તાજેતરમાં કેન્સર જેવી ગંભીર બીમારીને દ્રઢ મનોબળથી પરાસ્ત કરી તેઓ ફરી સ્વસ્થ જીવન તરફ આગળ વધી રહ્યા હોવાનું જણાવવામાં આવ્યું છે. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, કાર્યકરો તેમજ વિવિધ સમાજ, સંસ્થા અને એસોસિએશનના આગેવાનોને ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જામનગરમાં યુવાન પર સામાન્ય બોલાચાલીમાં તલવાર અને લોખંડના પાઈપ વડે હુમલો : ૫ સામે પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રામેશ્વર નગર વિસ્તારમાં રહેતો મોહસીન રહીમભાઈ ઠેબા નામનો ૩૨ વર્ષનો યુવાન ગઈકાલે માટેલ ચોકમાં એક પાનની દુકાને પાન ખાવા માટે ઊભો હતો, જે દરમિયાન ઈન્દ્રજીતસિંહ જયેન્દ્રસિંહ તેમજ મિતરાજસિંહ જયેન્દ્રસિંહ નામના બે શખ્સો તલવાર સાથે ધસી આવ્યા હતા, અને તું અમારી વાતો શું કામ કરે છે, તારે આ વિસ્તારમાં રહેવું નથી લાગતું. તેમ કહી તકરાર કરી હતી, અને બંને યુવાનોએ પોતાના હાથમાં રહેલી બે તલવારો વડે હુમલો કરી દીધો હતો.ત્યારબાદ તેઓના સાથે જયેન્દ્રસિંહ ઉર્ફે જયૂભા, રાજ અને વીરુ વગેરે લોખંડના પાઈપ ધોકા લઈને ધસી આવ્યા હતા, અને તેઓએ પણ હુમલો કરી દેતાં ફ્રેક્ચર સહિતની ઈજા થવાથી જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે, અને હાલ દાખલ છે. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત મોસીન રહીમભાઈ ઠેબાએ પોતાના ઉપર તલવાર અને લોખંડના પાઈપ વડે હુમલો કરવા અંગે ઉપરોક્ત પાંચેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતાં સીટી બી. ડિવિઝનના પોલીસ સમગ્ર મામલે વધુ તપાસ ચલાવી રહી છે.

# મોરબી-૨ સો ઓરડી વિસ્તારમાં ૫૫ વર્ષીય પ્રૌઢનો ગળેફાંસો ખાઈ આપઘાત

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં આવેલા સો ઓરડી ચામુંડાનગર વિસ્તારમાં એક પ્રૌઢ દ્વારા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ ચામુંડાનગર શેરી નં.૧ ખાતે રહેતા ગૌતમભાઈ અમરશીભાઈ સોલંકી ઉવ.૫૫ એ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ બનાવ અંગે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે ફરજ ઉપર રહેલ ડોક્ટર દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારે સીટી બી ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફેબ્રુઆરી મહિનામાં આરપીએફ રાજકોટ ડિવિઝનની મહત્વપૂર્ણ સિદ્ધિઓ

## ૨.૩૫ લાખનું સામાન પરત આપ્યું, રેલવે સંપત્તિ ચોરીમાં ૧૦ આરોપીઓની ધરપકડ, ૨૧ ચેન પુલિંગ કેસોમાં કાર્યવાહી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલવે સુરક્ષા દળએ ફેબ્રુઆરી મહિનામાં વિવિધ અભિયાનો હેઠળ મુસાફરોની સુરક્ષા, સહાયતા અને રેલવે સંપત્તિના રક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

આરપીએફએ ઓપરેશન અમાનત હેઠળ મુસાફરોનું અંદાજે ૨.૩૫ લાખ મૂલ્યનું ગુમ થયેલું સામાન પરત આપ્યું, જ્યારે રેલવે સંપત્તિ ચોરીના કેસોમાં ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી. ઉપરાંત અનધિકૃત ચેન પુલિંગના ૨૧ કેસોમાં કાર્યવાહી કરતાં ઓપરેશન નન્હે ફરિશ્તે હેઠળ ૫ બાળકોને સુરક્ષિત રીતે તેમના પરિવારજનો સાથે મિલાવ્યા.

"સેવા હી સંકલ્પ" અંતર્ગત આઈજી-સહ-પ્રધાન મુખ્ય સુરક્ષા આયુક્ત શ્રી અજય સદાનીના માર્ગદર્શન તથા ડિવિઝનલ સુરક્ષા આયુક્ત, રાજકોટ કમલેશ્વર સિંહના દેખરેખ હેઠળ આરપીએફ રાજકોટ ડિવિઝન દ્વારા રેલવે પરિસર, મુસાફરો અને રેલવે સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**મુખ્ય સિદ્ધિઓ**

ઓપરેશન અમાનત : ૨૭ મુસાફરોનું લગભગ ૨,૩૫,૮૬૭ મૂલ્યનું ગુમ થયેલું સામાન શોધી કાઢીને સુરક્ષિત રીતે પરત આપ્યું.

ઓપરેશન નન્હે ફરિશ્તે : ૫ બાળકોને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરીને તેમના પરિવારજનોને સોંપ્યા.

ઓપરેશન રેલ સુરક્ષા : રેલવે સંપત્તિ ચોરીના કેસોમાં ૧૦ આરોપીઓને પકડી કાનૂની કાર્યવાહી કરવામાં આવી.

ઓપરેશન સમય પાલન : અનધિકૃત ચેન પુલિંગના ૨૮ કેસ નોંધાયા, જેમાંથી ૨૧ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી.

ઓપરેશન સુરક્ષા : ટ્રેનો પર પથ્થરમારો કરનાર એક આરોપીને પકડી રેલવે અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી.

ઓપરેશન ડિગ્નિટી : પરિવારથી વિખૂટા પડેલા ૨ વ્યક્તિઓને તેમના પરિવાર સાથે ફરી મળાવવામાં આવ્યા.

**જાગૃતિ અભિયાન**

આરપીએફ રાજકોટ ડિવિઝન દ્વારા ઓપરેશન જનજાગરણ હેઠળ રેલવે સ્ટેશનો અને આસપાસના વિસ્તારોમાં જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું. તેમાં પી.એ. સિસ્ટમ દ્વારા જાહેરાતો, બેનરો, ગ્રામ સરપંચો સાથે બેઠકઓ અને જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા.

આ કાર્યક્રમોમાં રેલવે ટ્રેક પાર ન કરવા, ટ્રેનો પર પથ્થરમારો ન કરવા, નશાખોરીથી દૂર રહેવા, મહિલા સુરક્ષા અને માનવ તસ્કરી જેવા વિષયો અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા.

રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ આરપીએફ ટીમની પ્રશંસા કરતાં જણાવ્યું કે, "મુસાફરોની સુરક્ષા અને રેલવે સંપત્તિનું રક્ષણ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આરપીએફ રાજકોટ ડિવિઝન મુસાફરોની સુરક્ષા, સહાયતા અને રેલવે સંપત્તિના રક્ષણ માટે સતત પ્રતિબદ્ધ છે."

# પ્રાદેશિક માહિતી કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર નિલેશભાઈ વાઘેલાનો નિવૃતિ વિદાયમાન સમારંભ યોજાયો

## સાથી અધિકારીઓ-કર્મચારીઓએ નિલેશભાઈ સાથેના સંસ્મરણો વાગોળ્યા અને નિવૃત્ત જીવનની શુભેચ્છા આપી : હૃદયથી કામ કરવું એ સરકારી નોકરી સફળતાપૂર્વક પૂર્ણ કરવાની ચાવી છે નિલેશભાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે સંયુક્ત માહિતી નિયામક મિતેશભાઈ મોડાસીયાની અધ્યક્ષતામાં નાયબ કાર્યપાલક ઈજનેર નિલેશભાઈ વાઘેલાનો નિવૃત્તિ વિદાયમાન સમારંભ યોજાયો હતો. આ વેળાએ ૩૯ વર્ષ ૧૦ મહિનાની ફરજ સુપેરે સંપન્ન કર્યા બાદ નિવૃત્ત થયેલા નિલેશભાઈને પુષ્પગુચ્છ અને સાકરનો પડો આપીને નિવૃત્તિ જીવનની શુભેચ્છા પાઠવાઈ હતી.



આ કાર્યક્રમમાં સંયુક્ત માહિતી નિયામક મિતેશભાઈએ જણાવ્યું હતું કે કોઈ પણ મુશ્કેલીનો શાંત ચિત્તે રસ્તો કાઢવાની નિલેશભાઈની પ્રકૃતિ વખાણવાલાયક છે. નાયબ માહિતી નિયામક પ્રશાંતભાઈ ત્રિવેદીએ નિલેશભાઈની વાહન અને ટેકિન્કલ શાખાની પદ્ધતિસર રેકોર્ડ રાખવાની કામગીરીને બિરદાવી હતી. નિલેશભાઈએ જણાવ્યું હતું કે હૃદયથી કામ કરવું એ સરકારી નોકરી સફળતાપૂર્વક પૂર્ણ કરવાની ચાવી છે. તેમજ સહાયક માહિતી નિયામક પ્રિયંકાબેન પરમારે સ્વાગત પ્રવચન, સહાયક માહિતી નિયામક સોનલબેન જોષીપુરાએ પ્રાસંગિક ઉદ્‌બોધન અને ઓપરેટર કેતનભાઈ દવેએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

નોંધનીય છે કે નિલેશભાઈનું વર્ષ ૧૯૮૭માં મહેસાણા ખાતે સુપરવાઈઝર તરીકે પોસ્ટિંગ થયું હતું. ત્યાર બાદ રૂરલ બ્રોડકાસ્ટિંગ વિભાગ અને માહિતી વિભાગમાં સુરેન્દ્રનગર, જામનગર, જૂનાગઢ, ગાંધીનગર સી.એમ.ઓ. ખાતે ઓપરેટર અને ટેકિન્કલ આસિસ્ટન્ટ તરીકે ફરજ નિભાવ્યા બાદ નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે રાજકોટ ખાતેથી નિવૃત્ત થયા હતાં.

આ પ્રસંગે સાથી અધિકારીઓ-કર્મચારીઓએ નિલેશભાઈ સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા અને ભેટ-સોગાદ આપી હતી. આ તકે સહાયક માહિતી નિયામક રાધિકાબેન વ્યાસ, નિલેશભાઈના ધર્મપત્ની રીટાબેન સહિત કર્મચારીઓ અને નિવૃત્ત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# હેવી ગુડઝ અને ત્રિચક્રી વાહનો માટે GJ-03-BZ, GJ-03-CUJ સીરીઝના ગોલ્ડન-સિલ્વર નંબરોના રી-ઓકશન ૧૦ માર્ચથી શરુ થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી, રાજકોટ દ્વારા હેવી ગુડઝ વીહીકલ અને ત્રિચક્રી વાહનો માટે GJ-03-BZ, GJ-03-CUJ સીરીઝના ગોલ્ડન, સિલ્વર કે અન્ય પસંદગીના નંબરોના રી-ઓકશન તા. ૧૦/૦૩/૨૦૨૬થી શરુ કરવામાં આવશે. પસંદગીના નંબર મેળવવા ઇચ્છુકે ઓનલાઈન http://parivahan.gov.in/fancy પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

પસંદગીના ગોલ્ડન, સિલ્વર કે અન્ય પસંદગીના નંબરો મેળવવા માટે તા. ૧૦થી તા. ૧૪ માર્ચ સુધી ઓનલાઈન એપ્લીકેશન કરવાની રહેશે. તેમજ તા.૧૪ માર્ચ થી તા. ૧૬ માર્ચ ૨૦૨૬ના સાંજના ૪ કલાક સુધી ઓનલાઈન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પુર્ણ થયા બાદ તા. ૧૭ માર્ચ , ૨૦૨૬ના રોજ કચેરીમાં ફોર્મ જમા કરાવવાના રહેશે.

ઉલ્લેખનીય છે કે રજીસ્ટ્રેશન કરાવવા ઉમેદવારે સૌ પ્રથમ parivahan.gov.in પર જઈ ઓનલાઇન સર્વિસ પર કિલક કરવું, ત્યારબાદ fancy number booking પર ક્લિક કરી પબ્લિક યુઝર પસંદ કરી આઈ.ડી. બનાવવું. ત્યાર બાદ સી.એન.એ. ફોર્મ ઓનલાઇન ભરવું અને પસંદગીના નંબરમાં દર્શાવેલી ઓછામાં ઓછી ફી ભરવી. ફી ભરાયા બાદ હરાજીમાં ભાગ લઈ, હરાજીમાં નંબર મેળવ્યા બાદ ૫ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવી. જે બાદ આર.ટી.ઓ.ની અપ્રૂવલ લઈ નંબર મેળવવો.

વાહનનું રજીસ્ટ્રેશન કરાયેલું હોવું જરૂરી છે. વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરેલું હોવું ફરજીયાત છે. સમય મર્યાદા બહારની અરજી માન્ય ગણવામાં આવશે નહીં. તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# "વી.વી.પી. એન્જીનિયરીંગ કોલેજના કેમીકલ એન્જીનિયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા બે-દિવસીય નેશનલ કોન્ફરન્સ નું આયોજન"

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની વી. વી. પી. એન્જીનિયરીંગ કોલેજની ગણના ભારતની બેસ્ટ એન્જીનિયરીંગ કોલેજોમાં થાય છે કે જ્યાં બધાં જ ક્ષેત્ર જેવા કે અભ્યાસલક્ષી પ્રવૃતિઓ, રમતગમતલક્ષી પ્રવૃતિઓ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, દેશહિતલક્ષી પ્રવૃતિઓ, અને સમાજલક્ષી પ્રવૃતિઓ વગેરેમાં અગ્રેસર રહીને સમાજમાં ખૂબ મોટું યોગદાન આપી રહી છે.

વી. વી. પી. એન્જીનિયરીંગ કોલેજના કેમિકલ એન્જીનિયરીંગ ડિપાર્ટમેન્ટ ૧૦-૧૧ માર્ચ દરમ્યાન "ઈનોવેટિગ ફોર એ સસ્ટેનેબલ નેક્ષસ - એનર્જી, વોટર, એન્ડ ક્લાઈમેન્ટ" વિષય પર બે-દિવસીય નેશનલ કોન્ફરન્સ નું આયોજન કરવા જઈ રહેલ છે. આ માટે ગુજકોસ્ટ તરફથી ૪૦,૦૦૦ રૂ. ની ગ્રાન્ટ પણ મળેલ છે. ભારત સરકાર પણ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ જેવા વિષયો પર લાંબા ગાળાના હેતુઓ તેમજ તેને પરિપૂર્ણ કરવા માટેના કાર્યક્રમોને પ્રોત્સાહન આપી રહી છે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈએ તો, પર્યાવરણ, પાણી, એનર્જી, વાતાવરણ વગેરે ને પ્રદુષણ-મુક્ત રાખવું ખૂબ જ જરૂરી છે. વી. વી. પી. એન્જીનિયરીંગ કોલેજ હમેશા સમાજ પ્રત્યે પોતાનું યોગદાન આપવા તત્પર રહે છે.

આ કોન્ફરન્સમાં વિવિધ પ્રણાલીઓ જેમ કે સામાજિક, આર્થિક, પર્યાવરણીય, વૈજ્ઞાનિક, ઈજનેરી અને ટેકનોલોજીકલ ક્ષેત્રો એકબીજા સાથે કેવી રીતે જોડાયેલા છે તેની ચર્ચા કરવામાં આવનાર છે.આ કાર્યક્રમ ઈમર્જિંગ ટેકનોલોજીસ અને શહેરોના સર્વાંગી વિકાસમાં તેની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં વધુ ગ્રીન એનર્જી ઉત્પાદન, પાણી સંરક્ષણ અને હવામાન પરિવર્તન નિયંત્રણ નો સમાવેશ થાય છે. આ પરિષદમાં આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ, ગ્રીન પ્રોસેસ અને રીન્યુએબલ એનર્જી જેવી અદ્યતન ટેકનોલોજી આધારિત સમગ્ર અભિગમ પર ધ્યાન આપવામાં આવશે. આ બદલાવ વિવિધ ક્ષેત્રોમાં પરિવર્તન લાવશે, કાર્યક્ષમતા વધારશે, કચરો ઘટાડશે અને પર્યાવરણ પર દુષ્પ્રભાવ ઓછો કરશે.આ કોન્ફરન્સમાં એનર્જી એફિશિયન્સી અને ડિમાન્ડ મેનેજમેન્ટ, ગ્રીન ફ્યુઅલ ની સ્થિતિ, પડકારો અને ભવિષ્ય, સસ્ટેનેબલ વોટર અને એર મેનેજમેન્ટ, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ, ક્લાઈમેન્ટ ચેઈન્જ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ જેવા વિષયો પર પોસ્ટર પ્રેઝન્ટેશન ની સ્પર્ધા પણ રાખવામાં આવેલ છે. આ કોન્ફરન્સમાં કોલેજ ના વિદ્યાર્થીઓ, ઈન્ડસ્ટ્રીઝ પર્સન, રિસર્ચ સ્કોલર્સ, ફેકલ્ટી ભાગ લેવાના છે. આ કોન્ફરન્સમાં આ ક્ષેત્રનાં નિષ્ણાત એવા તજજ્ઞોનુ વ્યાખ્યાન રજુ થનાર છે. આ કોન્ફરન્સને સફળ બનાવવા માટે આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ કેમિકલ વિભાગના વડા તેમજ કોન્ફરન્સના કન્વીનર ડો. વ્યોમેશ પરસાણા, ડો. દર્શના ભટ્ટી (કોઓર્ડીનેટર), ડો. સુશીલ કોરગાઉકર (કો-કોઓર્ડીનેટર), જીલેશ પંડ્યા (કો-કોઓર્ડીનેટર), વિભાગના સમગ્ર કર્મચારી ગણ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

આ કોન્ફરન્સની સફળતા માટે સંસ્થાના ટ્રસ્ટીઓ ટ્રસ્ટી કૌશિકભાઈ શુક્લ, ટ્રસ્ટી ડો. સંજીવભાઈ ઓઝા, ટ્રસ્ટી હર્ષલભાઈ મણિયાર, ડો. નરેન્દ્રભાઈ દવે, ટ્રસ્ટી ડો. નવીનભાઈ શેઠે શુભેચ્છાઓ પાઠવેલ છે.

# મોરબીમાં મહિલા દિવસની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થિનીઓને કેરલા સ્ટોરી-૨ ફિલ્મ બતાવાઈ

## યંગ ઈન્ડિયા ગ્રુપ અને પી.જી. પટેલ કોલેજના સંયુક્ત ઉપક્રમે સ્કાય મલ્ટીપ્લેક્ષ ખાતે આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે યંગ ઈન્ડિયા ગ્રુપ અને પી.જી. પટેલ કોલેજના સંયુક્ત ઉપક્રમે કોલેજની વિદ્યાર્થીનીઓને સ્કાય મલ્ટીપ્લેક્ષ ખાતે કેરલા સ્ટોરી-૨ ફિલ્મ બતાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. ફિલ્મ દ્વારા વર્તમાન સામાજિક પરિસ્થિતિ અંગે જાગૃતતા આવે, દીકરીઓ સાવચેત રહે અને ખોટા ગેરમાર્ગે ન દોરાય તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું. મોરબીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે યંગ ઈન્ડિયા ગ્રુપ અને પી.જી. પટેલ કોલેજના સંયુક્ત ઉપક્રમે એક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ અંતર્ગત પી.જી. પટેલ કોલેજની વિદ્યાર્થીનીઓને શહેરના સ્કાય મલ્ટીપ્લેક્ષ ખાતે કેરલા સ્ટોરી-૨ ફિલ્મનું વિશેષ પ્રદર્શન કરાવવામાં આવ્યું હતું. આ આયોજનનો મુખ્ય હેતુ વર્તમાન સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દીકરીઓમાં સાવધાની, સતર્કતા અને જાગૃતતા કેળવવાનો હતો. સામાજિક વાસ્તવિકતાનો ચિતાર આપતી આ ફિલ્મ દ્વારા યુવતીઓ ખોટા ગેરમાર્ગે ન દોરાય અને પોતાના જીવનમાં સજાગ બની સુરક્ષિત રહે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.



આ પ્રસંગે ફિલ્મ જોવા આવેલી પી.જી. પટેલ કોલેજની વિદ્યાર્થીનીઓએ જણાવ્યું હતું કે આજની જનરેશનમાં નાની ઉંમરની યુવતીઓ માટે આવી ફિલ્મો અવેરનેસ લાવવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે. તમામ ગર્લ્સએ આવી ફિલ્મ જોવી જોઈએ જેથી તેઓ વધુ સજાગ અને સમજદાર બની શકે. વિદ્યાર્થીનીઓએ આ આયોજન બદલ યંગ ઈન્ડિયા ગ્રુપ અને પી.જી. પટેલ કોલેજના આયોજકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# પાર્ક કરેલી એસટીની બસ પાછળ સ્કૂટર ટકરાયું

ઉ**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગૌરવ પથ પર આવેલા નવા બસ સ્ટેન્ડ નજીક સરકારી વસાહત પાસે મોડીરાત્રે રાખવામાં આવેલી એસટી બસ પાછળ મંગળવારે એક સ્કૂટર ટકરાઈ પડતા બસમાં બમ્પરમાં નુકસાન થયું છે. તેના ચાલકે સ્કૂટર ચાલક સામે માં ફરિયાદ કરી છે.જામનગરના લાલબંગલા વિસ્તારથી સાતરસ્તા તરફ જવાના રસ્તા પર આવેલી સરકારી વસાહત નજીકથી ગયા મંગળવારે સવારે પોણા પાંચેક વાગ્યે જીજે-૧૮-ઝેડટી ૧૭૬૭ નંબરની એસટીની બસ પાર્ક કરીને રાખવામાં આવી હતી.તે બસ ત્યાં રાખીને તેના ચાલક અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના નરેશભાઈ માવજીભાઈ વારા નજીકઆ આવેલા એસટી ડેપોએ ગયા તે દરમિયાન આ બસની પાછળ નંબર પ્લેટ વગરનું કાળા રંગનું એક્સેસ સ્કૂટર ધડાકાભેર ટકરાઈ પડ્યું હતું. આ અકસ્માતમાં બસમાં પાછળના ભાગે અંદાજે રૂ.ત્રણેક હજારનું નુકસાન થયું છે. નરેશભાઈએ સ્કૂટરચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# જામનગરના યાદવ નગર વિસ્તારમાં રહેણાક મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમેં તાજેતરમાં યાદવ નગર વિસ્તારમાં એક રહેણાક મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે, અને એક તસ્કરને ઝડપી લઇ તેની પાસેથી રૂપિયા ૫૫ હજાર નો ચોરાઉ મુદામાલ કબજે કરી લીધો છે.જામનગરમાં યાદવ નગર વિસ્તારમાં રહેતા અરસીભાઈ ડાડુભાઈ ડેર નામના આહીર યુવાનના રહેણાક મકાનમાં તાજેતરમાં ચોરી થઈ હતી અને કોઈ તસ્કરો રોકડ રકમ તેમજ સોના



ચાંદીના દાગીના વગેરે ઉઠાવી ગયા હતા. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી.દરમિયાન એલસીબીની ટુકડીએ ચોક્કસ બાતમી ના આધારે ઉપરોક્ત મકાનમાં ચોરી કરનાર જામનગરમાં દિગ્જામ સર્કલ નજીક બાવરીવાસમાં રહેતા ઉદલ કનૈયાભાઈ પરમાર નામના ૧૯ વર્ષના બાવરી શખ્સની અટકાયત કરી લીધી છે. જેની પાસેથી રૂપિયા ૪૩,૪૧૩ ની કિંમતના સોનાના દાગીના ૫,૦૦૦ ની કિંમત ના ચાંદીના દાગીના અને રૂપિયા ૧૨,૦૦૦ ની રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૫૫,૪૧૩ ની માલમતા કબજે કરી લીધી છે, અને તેની ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

# મોરબી જીલ્લા ભાજપની વરણી મુદ્દે ચુવાળીયા કોળી સમાજમાં નારાજગી

## યુવા અગ્રણી મયુર ઠાકોરે પ્રદેશ અધ્યક્ષને કરી રજૂઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં ભાજપના તાજેતરમાં જાહેર થયેલ હોદ્દેદારોની વરણીમાં ચુવાળીયા કોળી સમાજના પ્રતિનિધિને સ્થાન ન મળ્યાનો આક્ષેપ કરી સમાજમાં નારાજગી જોવા મળી રહી છે. વાંકાનેરના યુવા અગ્રણી મયુર ઠાકોરે ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલને લેખિત રજૂઆત કરી સમાજના આગેવાનની વરણી તેમજ આગામી ચૂંટણીમાં ટીકીટ આપવાની માંગ કરી છે.

તાજેતરમાં મોરબી જીલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારોની વરણી જાહેર થતા ચુવાળીયા કોળી ઠાકોર સમાજમાં નારાજગીનો માહોલ જોવા મળી રહ્યો છે. સમાજના આગેવાનોનો આક્ષેપ છે કે જીલ્લામાં અને ખાસ કરીને વાંકાનેર તાલુકામાં બહોળી વસ્તી ધરાવતા હોવા છતાં સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું નથી. આ મુદ્દે વાંકાનેરના ચુવાળીયા કોળી ઠાકોર સમાજના યુવા અગ્રણી મયુર ઠાકોરે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ચુવાળીયા કોળી ઠાકોર સમાજ વર્ષોથી ભાજપ સાથે વફાદારીપૂર્વક જોડાયેલો છે અને અનેક ચૂંટણીઓમાં પક્ષને જીતાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી ચૂક્યો છે. તેમ છતાં તાજેતરમાં જાહેર થયેલ મોરબી જીલ્લા ભાજપના હોદ્દેદારોમાં સમાજને યોગ્ય સ્થાન ન મળતાં સમાજમાં અસંતોષ ફેલાયો હોવાનું



રજૂઆતમાં જણાવાયું છે. સાથે જ આગામી સમયમાં આવનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખી વાંકાનેર વિસ્તારમાં ચુવાળીયા કોળી સમાજનું પ્રભુત્વ ધરાવતી જીલ્લા તેમજ તાલુકા પંચાયતની બેઠકો પર સમાજના આગેવાનને ટિકિટ આપવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે. આ ઉપરાંત હાલમાં ખાલી પડેલા વાંકાનેર તાલુકા ભાજપ પ્રમુખના પદ પર પણ ચુવાળીયા કોળી સમાજના આગેવાનની નિમણૂક કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. યુવા અગ્રણી મયુર ઠાકોરે જણાવ્યું હતું કે સમાજની લાગણીઓને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય લેવાશે તો સમાજમાં વ્યાપેલી નારાજગી શાંત થશે અને આવનારી ચૂંટણીઓમાં સમાજ ફરીથી બમણી ઉર્જા સાથે ભાજપને જીતાડવા કામે વળગી જશે. તેમ રજુઆતમાં જણાવવામાં આવ્યું હતું.

# વાંકાનેરના જામસર ગામે વાડીએ વીજ શોકથી ગંભીર રીતે દાઝી ગયેલ પ્રૌઢનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના જામસર ગામે વાડીમાં વીજ તાર તૂટી પડતા વીજ શોક લાગવાથી ૫૭ વર્ષીય ખેડૂતનું કરુણ મોત નિપજ્યું હતું. મૃતકને બચાવવા દોડેલા તેના પુત્રને પણ વીજ શોક લાગતા ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો છે. આ બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

વાંકાનેર તાલુકાના જામસર ગામે રહેતા વાઘજીભાઈ શીવાભાઈ દેલવાડિયા ઉવ.૫૭ તેઓ પોતાના દીકરા જયદેવભાઈ ઉવ.૨૪ સાથે ગામની સીમમાં આવેલી પોતાની વાડી પર હતા. આ દરમિયાન વાડીમાં નીરણ સળગતા તેને ઓલવવા જતા વાડીમાંથી પસાર થતી જી.ઇ.બી.ની ત્રણ તારની વીજ લાઇનમાંથી એક તાર તૂટી નીચે પડી ગયો હતો. જે તૂટી ગયેલ વાયર ઉપર વાઘજીભાઈનો પગ આવતા તેમને જોરદાર વીજ શોક લાગ્યો હતો, જેના કારણે તેઓ ગંભીર રીતે દાઝી જતા મોત નિપજ્યું હતું. પિતાને બચાવવા માટે દોડી આવેલા તેમના પુત્ર જયદેવભાઈને પણ વીજ શોક લાગતા તેઓ બેભાન હાલતમાં પડી ગયા હતા. ત્યારબાદ તેમને તાત્કાલિક સારવાર માટે રફાળેશ્વર સ્થિત એપેક્ષ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓ હાલ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના લક્ષ્મીનગર ગામે 30 વર્ષીય યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના લક્ષ્મીનગર ગામે રહેતા મહેશભાઈ રમેશભાઈ પરમાર ઉવ.૩૦ એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. બનાવ અંગે બિપિનભાઈ અરજણભાઈ પરમાર દ્વારા મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી. આ મામલે મોરબી તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# ધોરાજીમાં જે.સી.આઈ રોયલ દ્વારા હેલ્ધી બેબી કોમ્પિટિશન

## ધોરાજીમાં જે.સી.આઈ રોયલ દ્વારા હેલ્ધી બેબી કોમ્પીટીશન યોજાઈ

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

જેસીઆઈ રોયલ દ્વારા હેલ્ધી બેબી કોમ્પિટિશન નું આયોજન કરવામાં આવેલ હતું.આ હેલ્થી બેબી સ્પર્ધામાં ૨૦૦ થી વધારે બાળકો એ ભાગ લીધેલ હતો હેલ્થી બેબી કોમ્પિટિશન માં ભાગ લેનાર બાળકો ને ગિફ્ટો મોમેન્ટો આપવામાં આવી હતી.

આ હેલ્થી બેબી કોમ્પિટિશન ને સફળ બનાવવા જેસીઆઈ લેડી વિંગ દ્વારા જહેમત ઉઠાવેલ હતી આ પ્રોજેક્ટ ના ચેરમેન જીનલબેન ભૂવા,કો ચેરમેન પાયલબેન, દયાબેન, બંસીબેન, ધારાબેન, ક્રિષ્નાબેન,




શ્વેતાબેન, તૃષાબેન તથા જેસીઆઈ ના જેએફએમ જસ્મિન અંટાળા, પિનલભાઈ ભુવા,બિપીનભાઈ ત્રાડા,મેહુલ સિરોયા, વિપુલભાઈ વૈષ્ણવ, કેતનભાઈ વૈષ્ણવ, વર્ધમાન માથુકીયા, ડો નીરવ ધિનોજા,ડો યશપાલસિંહ જાડેજા, અભિ વાગડિયા, બાદલ બાબરિયા સહિતના હાજર રહ્યા હતા અને જેસીઆઈ ધોરાજી રોયલની પ્રવૃતિને બિરદાવી હતી.

# ધોરાજીમાં સરદાર ચોકથી જેતપુર રોડ સુધીનો રસ્તો કંડમ સ્થિતિમાં વાહનચાલકો - રાહદારીઓને ભારે હાડમારી

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

ધોરાજીમાં સરદાર ચોકથી જેતપુર રોડ સુધીનો રસ્તો કંડમ સ્થિતિમાં ફેરવાઈ જવા પામેલ છે જેના પગલે વાહનચાલકો અને રાહદારીઓ ભારે હેરાન-પરેશાન બની રહ્યા છે તેમ છતાં તંત્ર પગલા લેવાને બદલે મૂકપ્રેક્ષક બની તમાશાને નિહાળી રહ્યું છે.

શહેરના સરદાર ચોકથી નાગરિક



બેંક સુધીનો રસ્તો ઘણા સમય પૂર્વે ખોદી નાખવામાં આવેલ છે. જે બાદ તેનું હજુ રીપેરીંગ કામ કરવામાં આવેલ નથી કે રસ્તો નવો બનાવવામાં આવેલ નથી. ધોરાજીના નાગરિકો અને પ્રજાજનો માટે આ મુખ્ય માર્ગ છે રાહદારીઓ, વિદ્યાર્થીઓ મોટા વાહનો આ રોડ પરથી પસાર થાય છે હાલમાં બોર્ડની પરીક્ષા ચાલી રહી છે ત્યારે વિદ્યાર્થીઓને પણ આ જ માર્ગેથી પસાર થાય છે.

# ગુજરાત પોલીસમાં ૩૭ IPS અધિકારીઓની બદલી: નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જ આઈજી બનાવાયા




- રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવને આઈબીના વડાની જવાબદારી સોંપાઈ
- શમશેર સિંઘને નિવૃત્તિના ૨૫ દિવસ પહેલા પોસ્ટિંગ, ૨ મહિના રાહ જોઈ રહ્યા હતા
- અમદાવાદમાં ઝોન-૮ બનશે, અત્યાર સુધી ૭ ઝોન હતા, હવે ઝોન ૮માં DCP તરીકે મયૂર પાટીલની નિમણૂંક કરાઈ
- CBI માં લગભગ પાંચ વર્ષની લાંબી ડેપ્યુટેશન સેવા પૂર્ણ કરી ગુજરાત કેડરમાં પરત ફરેલા IPS અધિકારી રાઘવેન્દ્ર વત્સની અમદાવાદ રેન્જ આઈજી તરીકે બદલી કરવામાં આવી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

વ્હેલી સવારે ગુજરાત સરકારે રાજ્યના પોલીસ તંત્રમાં મોટા પાયે ફેરફારો કર્યા છે. ગૃહ વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર, ૩૭ ભારતીય પોલીસ સેવા (IPS) અધિકારીઓની બદલી અને નવી નિમણૂકો કરવામાં આવી છે.

**અમદાવાદ શહેરમાં જેસીપી ક્રાઈમ બ્રાન્ચ રહી ચૂકેલ ચૈતન્ય મંડલિકને રાજકોટ એડિશનલ કમિશનર તરીકે જવાબદારી સોંપાઈ, જૂનાગઢ રેન્જ આઈજી તરીકે રાજેન્દ્રસિંહ ચુડાસમા તો ભાવનગર રેન્જ તરીકે આર.અસારીની બદલી કરાઈ**

આ ફેરફારો જાહેર હિતમાં અને તાત્કાલિક અમલમાં મૂકવામાં આવ્યા છે. લાંબા સમયથી પોસ્ટિંગની રાહ જોઈ રહેલા અધિકારીઓને આખરે નિમણૂક મળી છે, જેનાથી પોલીસ વિભાગમાં નવી ઉર્જા અને કાર્યક્ષમતા આવશે તેવી અપેક્ષા છે.

## ૩૭ આઈપીએસ અધિકારીઓની બદલીનું વિસ્તૃત લિસ્ટ

* શમશેર સિંઘ (૧૯૯૧) : ડિરેક્ટર, સિવિલ ડિફેન્સ અને કમાન્ડન્ટ જનરલ, હોમ ગાર્ડ્સ, અમદાવાદ તરીકે નિમણૂક.
* વાબાંગ જામીર (૧૯૯૯) : સુરતથી બદલી કરી તેમને હાલ વેઈટિંગ ફોર પોસ્ટિંગ (નવી નિમણૂક સુધી રાહ જોવાની સૂચના) માં રાખવામાં આવ્યા છે.
* અશોક કુમાર (૨૦૦૩) : આઈજીપી (રાજકોટ રેન્જ) થી બદલી કરીને આઈજીપી – સીઆઈડી (ઈન્ટેલિજન્સ), ગાંધીનગરનો હવાલો સોંપાયો.
* ગગનદીપ ગંભીર (૨૦૦૪) : આઈજીપી (એડમિનિસ્ટ્રેશન), ગાંધીનગર. તેઓ સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) ના આઈજીપી પદનો વધારાનો હવાલો પણ સંભાળશે.
* ગૌતમકુમાર એમ. પરમાર (૨૦૦૪) : ભાવનગર રેન્જના આઈજીપી પદેથી બદલી કરીને આઈજીપી – સીઆઈડી (ક્રાઈમ), ગાંધીનગર તરીકે નિમણૂક.
* રાઘવેન્દ્ર વત્સ (૨૦૦૫) : જેસીપી (ક્રાઈમ, સુરત) થી બદલી કરીને અમદાવાદ રેન્જના નવા આઈજીપી બનાવવામાં આવ્યા.
* નિલેશ ભીખાભાઈ જાજડિયા (૨૦૦૬) : જૂનાગઢ રેન્જના આઈજીપી પદેથી બદલી કરીને જેસીપી (સેક્ટર–૨, ક્રાઈમ અને લો એન્ડ ઓર્ડર), વડોદરા તરીકે નિમણૂક.
* બિપિન શંકરરાવ આહિરે (૨૦૦૬) : એડિશનલ ડાયરેક્ટર (એસીબી, અમદાવાદ) થી બદલી કરીને આઈજીપી – સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ, ગાંધીનગર.
* પી. એલ. માલ (૨૦૦૬) : કોસ્ટલ સિક્યુરિટીના આઈજીપી પદેથી બદલી કરીને એડિશનલ ડાયરેક્ટર – એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી), અમદાવાદ.
* એન. એન. ચૌધરી (૨૦૦૬) : જેસીપી (ટ્રાફિક, અમદાવાદ શહેર) થી બદલી કરીને આઈજીપી – ઈન્ટેલિજન્સ–૨, ગાંધીનગર.
* મકરંદ ગોવિંદભાઈ ચૌહાણ (૨૦૦૭) : જોઈન્ટ ડિરેક્ટર (એસીબી) થી બઢતી આપીને ડીઆઈજીપી (લો એન્ડ ઓર્ડર), ગાંધીનગર તરીકે નિમણૂક અપાઈ.
* પરિક્ષિતા વી. રાઠોડ (૨૦૦૭) : આઈજીપી – સીઆઈડી (ક્રાઈમ) થી બદલી કરીને તેમને પોલીસ મહાનિરીક્ષક (એસસીઆરબી), ગાંધીનગરનો પદભાર સોંપાયો.
* નિર્લિપ્ત રાય (૨૦૧૦) : સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) થી બદલી કરીને રાજકોટ રેન્જના ડીઆઈજીપી તરીકે નિમણૂક.
* એ. જી. ચૌહાણ : આઈજીપી (જેલ, અમદાવાદ) થી બદલી કરીને અમદાવાદ શહેરના જેસીપી (ટ્રાફિક) તરીકે નિમણૂક.
* આર. વી. અસારી : પંચમહાલ–ગોધરા રેન્જના આઈજીપી પદેથી બદલી કરી તેમને ગૌતમકુમાર પરમારના સ્થાને (ભાવનગર રેન્જ) મૂકવામાં આવ્યા.
* કે. એન. ડામોર : જેસીપી (સેક્ટર ક્રાઈમ, ગાંધીનગર) થી બદલી કરીને સીઆઈડી ના ડીઆઈજીપી (ટ્રાફિક) તરીકે નિમણૂક.
* અશોકકુમાર યાદવ : એડીજીપી તરીકે બઢતી આપીને નિમણૂંક કરવામાં આવી.
* તરુણ દુગ્ગલ : એડીશનલ કમિશ્નર (એડમીન), અમદાવાદ શહેર તરીકે નિમણૂક.
* મયુર પાટીલ : અમદાવાદ ઝોન–૮ ના ડીસીપી તરીકે મુકાયા.
* આર. પી. બારોટ : અમદાવાદ જેલના ડીઆઈજીપી તરીકે નિમણૂક.

# રાજમોતી મીલપાસે રિક્ષામાં વિદેશી દારૂની હેરાફેરી કરતા બે પકડાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસે ભાવનગર રોડ રાજમોતી મીલ નજીકથી બે શખ્સને રૂા. ૭૨ હજારના દારૂ સાથે પકડી લઈ મોબાઈલ ફોન, સીએનજી રિક્ષા મળી ૧.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

દારૂ-જૂગારના કેસ શોધવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઈ મહેશભાઈ સોલંકી, હેડકોન્સ. ઈમરાનભાઈ ચુડાસમા, ધર્મેન્દ્રભાઈ ગઢવીને બાતમી મળતાં રાજમોતી મીલ પાસે વોચ રાખી જીજે૦૩એડબલ્યુ -૧૬૬૮ નંબરની રિક્ષા આંતરી લીધી હતી. તેમાંથી અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારૂનો ૭૨ હજારનો જથ્થો મળતાં કબ્જે કરી બે શખ્સો સાહિલ સલીમભાઈ હોથીયાણી (ઉ.વ.૨૩-રહે. બેડીપરા ફાયર બ્રિગેડ પાછળ મનહરપરા-૧) અને સમીર અસલમભાઈ મંગળીયા (ઉ.વ.૨૦-રહે. પાંજરાપોળ પાછળ રાધેશ્યામિ ડેરીવાળી શેરી)ને પકડી લઈ રિક્ષા, મોબાઈલ ફોન અને ઓલ સીઝન્સ, રોયલ ચેલેન્જર અને લિંગ રિઝર્વ બી-સેવન બ્રાન્ડની કુલ ૨૮૮ નંગ ચપલા કબ્જે કર્યા હતાં

# યુવતિએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવવાનું કહેતા કારખાનેદારે ઝેરી દવા ગટગટાવી

### શાપરના કારખાનેદાર કલ્પેશ રૂપારેલિયાને રાજકોટ સીવીલમાં ખસેડાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપુરમાં યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવાનું કહેતા રાજકોટમાં રહેતા શાપરના કારખાનેદારે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ૩૨ વર્ષીય એક પુત્રના પિતા એવા કલ્પેશભાઈ રૂપારેલીયાને રાજકોટ સિવિલમાં દાખલ કરાયો હતો. તે ઝેરી દવા પી શાપર પોલીસ મથકે પહોંચ્યો હતો. ત્યાંથી સારવારમાં ખસેડાયો હતો.

આ અંગે મળતી માહિતી અનુસાર, કલ્પેશભાઈ જેન્તીભાઈ રૂપારેલીયા (ઉંમર વર્ષ ૩૨, રહે. વિશ્વનગર, શેરી નંબર ૭, મવડી પ્લોટ, રાજકોટ)એ ગઈકાલે સવારે ૯૩૦ વાગ્યાની આસપાસ કોરાટ ચોક પાસે ઝેરી દવા પીધી હતી અને પછી શાપર પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યો હતો. જ્યાં તેને ઉલ્ટી થવા લાગતા તત્કાલ શાપર સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહીં તેને ઈમરજન્સી વિભાગમાં દાખલ કરાયો હતો. જેની સારવાર હાલ ચાલુ છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, કલ્પેશને વેરાવળમાં મા ખોડલ જોબ વર્ક નામે કારખાનું આવેલ છે. જ્યાં આશરે એક બે મહિના પહેલા એક બિહારી પરિવાર મજુરી કામ માટે આવ્યો હતો અને અહીં રહેતો હતો.

આ બિહારી પરિવારની યુવાવની દીકરી સાથે કલ્પેશ દેશ સંપર્કમાં આવ્યો હતો. બંને વચ્ચે મિત્રતા થઈ હતી. ત્યારબાદ યુવતીએ લગ્ન કરવાની વાત કરી હતી પણ કલ્પેશ પ્રથમથી જ પરણિત હોય અને તેને સંતાનમાં ૧ પુત્ર પણ હોય, તેને ઈન્કાર કરી દેતા યુવતીએ શાપર પોલીસ મથકમાં દુષ્કર્મની ફરિયાદ નોંધવા માટે અરજી કરી હતી. જેથી અગાઉ પોલીસે તેને એક વખત પોલીસ મથકે બોલાવ્યો હતો. સમાધાનની વાત ચાલતી હતી. પણ સમાધાન શક્ય જણાતું નહોતું. ગઈકાલે એફઆરઆઈ નોંધાઈ તેવી પુરી શક્યતા હતી. કલ્પેશને પોલીસ મથકે બોલવાયો હતો. તે રાજકોટ સ્થિત પોતાના ઘરેથી શાપર જવા નીકળ્યો હતો ત્યારે રસ્તામાં તેણે જીવજંતુ મારવાની દવા પી લીધી હતી. જે પછી તે શાપર પોલીસ મથકે પહોંચ્યો હતો અને ત્યાં પહોંચીને થોડીવાર બાદ ઊલટી ઉબકા કરવા લાગ્યો હતો. જેથી તેને તત્કાલ સારવારમાં ખસેડાયો હતો.

# રજપૂતપરામાં વેપારીએ આરટીઓ ઈ-ચલણ લીંક ખોલતા રૂ.૧૦.૮૭ લાખ ખાતામાંથી ઉપડી ગયા

### વ્હોટ્સએપ પર આવેલી ફાઈલ ઓપન કરતાં ફોન હેંગ થઇ ગયો: સાયબર ક્રાઈમમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના અક્ષર માર્ગ વિસ્તારમાં રહેતાં અને રજપુતપરા મેઈન રોડ પર રમત ગમતના સાધનોનો વેપાર કરતા એક જાણીતા વેપારીને અજાણ્યા શખ્સે વ્હોટ્સએપ પર ટ્રાફિક ચલણની લિંક મોકલી વેપારીનો મોબાઈલ હેક કરી લીધો હતો અને તેમના બેંક એકાઉન્ટ માંથી લાખો રૂપિયા ટ્રાન્સફર કરી લેતાં સાબયર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આ બનાવમાં પોલીસે પોલીસે કાલાવડ રોડ સ્વામિનારાયણ મંદિર સામે અક્ષર માર્ગ પર હરિહર સોસાયટી-૧માં રહેતાં અને રજપૂતપરા મેઈન રોડ પર હાઉઝટ સ્પોર્ટ કોર્નર નામે રમત ગમતના સાધનોનો વેપાર કરતાં સંદિપભાઈ પ્રવિણચંદ્ર ગાંધી (ઉ.વ.૬૨)ની ફરિયાદ પરથી અજાણ્યા વ્હોટ્સએપ નંબરના ધારક સહિતની સામે ગુનો નોંધ્યો છે.

ફરિયાદી સંદિપભાઈને ૨૬/૧૨ના રોજ તેમના મોબાઈલ નંબર પર અજાણ્યા વ્હોટ્સએપ નંબર પરથી એક આરટીઓ ટ્રાફિક ચલાન'નામની એપીકે ફાઈલ આવી હતી. સંદીપભાઈએ પોતાના વાહનનું ચલણ છે કે કેમ તે જોવા માટે આ ફાઈલ ઓપન કરી ડાઉનલોડ કરતા તેમાં કંઈ દેખાયું ન હતું, પરંતુ તેમનો ફોન હેંગ થઈ ગયો હતો. ફોન હેક થયો હોવાની શંકા જતા તેઓ તુરંત તે ફાઈલમાંથી બહાર નીકળી ગયા હતા. ત્યારબાદ તા. ૦૯/૦૧/૨૦૨૬ના રોજ સંદીપભાઈ પોતાની દુકાનેથી એચડીએફસી બેંકમાં રૂા. ૪૧,૦૦૦નો ચેક જમા કરાવીને પરત આવી રહ્યા હતા ત્યારે તેમના મોબાઈલ પર નાણાં કપાયાના મેસેજ આવતા તેઓ ચોંકી ઉઠયા હતા. બેંકમાં તપાસ કરતા જાણવા મળ્યું કે તેમની જાણ બહાર જ તેમના બે અલગ-અલગ ખાતાઓમાંથી કુલ રૂપિયા ૧૦,૮૭,૭૯૦ ટ્રાન્સફર થઈ ગયા હતા. જેમાં એચડીએફસી સેવિંગ એકાઉન્ટમાંથી રૂપિયા ૯૯,૯૯૦ અને ૫૦,૦૦૦ તેમજ સીસી એકાઉન્ટમાંથી ૪,૪૦,૦૦૦ અને ૪,૯૮,૦૦૦ના વ્યવહારો થયા હતા. આટલી મોટી રકમ ઉપડી જતા સંદીપભાઈએ તુરંત જ બંને ખાતાઓ સ્ટોપ કરાવી દીધા હતા. બેંક મેનેજરની સલાહ મુજબ તેમણે ૧૯૩૦ સાયબર હેલ્પલાઇન પર કોલ કરી અરજી નોંધાવી હતી. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ મથક ખાતે હવે ગુનો દાખલ કરાવતાં એસીપી ચિંતન પટેલની રાહબરીમાં હેડકોન્સ. એમ.એમ. ટંકારીયાએ ગુનો દાખલ કરતાં આગળની તપાસ પીઆઈ એસ. ડી. ગીલવાએ હાથ ધરી છે.

# શાપરમાં શ્રમિકને અગાશી પરથી ફેંકી ક્રૂર હત્યા કરી

### મૂળ બિહારી શ્રવણકુમાર તાંતી પર મોબાઈલ ચોરીનો આળ મૂકી મિતન તંતિ નામના શખ્સે ઝઘડો કર્યો, બાદમાં અગાસી પરથી ફેંકી દેતાં સારવારમાં દમ તોડ્યો: આરોપીની ધરપકડ કરી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મોબાઈલની માથાકૂટમાં એક જ દિવસમાં બે હત્યા નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. જેમાં રાજકોટના કેકેવી હોલ પાસે મોબાઈલ મામલે નેપાળી યુવકની હત્યા થયાનો બનાવ તાજો જ હતો ત્યારે શાપરમાં પણ મોબાઈલ ચોરીનો આળ મૂકી પરપ્રાંતિય શ્રમિકને અગાશી પરથી નીચે ફેંકી દેવાયો હતો. જે બાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત શ્રમિકે ટૂંકી સારવારમાં દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો હતો. જે મામલે શાપર પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

બનાવ અંગે મૂળ બિહારના ભાગલપુર જિલ્લાના વતની અને હાલ રાજકોટની ભાગોળે શાપર ખાતે રહેતી ૨૬ વર્ષીય પરિણીતા પુજાદેવી શ્રવણકુમાર દુખન તાંતીએ આરોપી તરીકે મિતન સિકંદર તંતિ (રહે. ટીલાળા ગેટ, શાપર મૂળ રહે. ભાગલપુર, બિહાર) નું નામ આપતાં શાપર પોલિસની ટીમે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

વધુમાં પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેણી તેના પતિ અને બાળકો સાથે અહીં રાજ મેટલ કારખાનાની ઓરડીમાં રહે છે. સંતાનમાં ચાર દીકરા તથા બે દીકરી છે. ગઈ તા. ૪ના રોજ રાત્રીના સાડા નવ વાગ્યે તેણી અને તેના પતિ શ્રવણ અને બાળકો ઓરડીએ હતા. ત્યારે ત્યા રૂમે એક વ્યક્તિ આવેલ અને તેણીના પતિને કહેલ કે, તે મારો મોબાઈલ ફોન લીધો છે, પાછો આપ કહી પતિ સાથે માથાકુટ કરવા લાગેલ હતો.

જેથી તેણીના પતિએ આ વ્યક્તિને કહેલ કે, મે મોબાઈલ ફોન લીધેલ નથી તેમ કહેતા તે વ્યક્તિએ પતિ સાથે ઝઘડો કર્યો હતો. જેથી તેણી છોડાવા લાગેલ હતી. દરમ્યાન પાડોશમાં રહેતો અખિલેશકુમાર યાદવ પણ ત્યા આવી ગયેલ અને તે પણ છોડાવવાનો પ્રયત્ન કરતો હતો. દરમિયાન સામાવાળો શખ્સ તેણીના પતિને ઓરડીની બહાર લઈ જઈ અગાશી ઉપરથી ધકો મારી પતિને નીચે ફેંકી દીધેલ હતો. બાદમાં તે શખ્સ નાસી ગયેલ હતો.

તેણી નીચે જતા પતિ ઉંધા જમીન પર પડેલ અને તેને માથામાં તથા મોઢા ઉપર ઈજાઓ થયેલ હતી. લોહી નીકળતુ હતુ. ત્યારે બાજુમાં રહેતા અને ગામના વિક્રમકુમાર પણ આવી ગયેલ અને તે દરમિયાન સ્થાનિકો એકત્રિત થઇ જતા એમ્બયુલન્સ બોલાવી તેણીના પતિને સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે લઇ ગયેલ હતા.

પરિણીતાએ જણાવ્યું હતું કે, હોસ્પિટલ ખાતે રાત્રીના પતિના રીપોર્ટ કરાવી બાદ પતિને વધારે ઈજાઓ થયેલ હોય જેથી પ્રાઈવેટ હોસ્પીટલમાં સારવાર કરાવવી હતી. પરંતુ રાત્રીનો સમય હોય જેથી તેણી પતિને શાપર ઓરડીએ લઇ આવેલ હતી.

બાદ તેમને પ્રાઈવેટ હોસ્પીટલમાં સારવારમાં લઇ જઇએ તે પહેલાં જ રાત્રીના આશરે ચાર વાગ્યે પતિનું માથા અને ચહેરા પર ગંભીર ઈજાઓ થવાના કારણે મોત નીપજ્યું હતું. જેથી પતિના મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સરકારી હોસ્પીટલ ખાતે લઈ ગયેલ હતા. બાદ જાણવા મળેલ કે, પતિને ધક્કો મારનાર વ્યક્તિ મિતન સિકંદર તંતિ જતો.

બનાવ અંગે શાપર પોલીસની ટીમે મૃતકની પત્ની ફરિયાદ પરથી હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી હત્યારા મિતન સિકંદર તંતિની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

# દબાણ હટાવ શાખાએ સપ્તાહમાં ૨૮-રેકડી-કેબીન અને ૯૬૨ બોર્ડ બેનરો જપ્ત કર્યા

### જુદા-જુદા વિસ્તારો માંથી રૂા.૩.૫૭ લાખનો વહીવટી ચાર્જ પણ વસુલાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૧૬/૨ થી ૨૮/૨ દરમ્યાન રાજકોટ શહેરમાં જાહેર માર્ગો પર અસ્થાઈ દબાણ રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો તેમજ બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ હતી.

ધરાર માર્કેટ,સંતકબિર રોડ, પેડક રોડ,કોઠારીયા રોડ,મવડી મેઈન રોડ,સાધુવાસવાણી રોડ,૧૫૦ રિંગ રોડ,રૈયા ધાર રોડ,રામાપીર ચોકડી,કાલાવડ રોડ,જ્યુબેલી,જંક્શન રોડ,ઢેબર રોડ,પરા બજાર પાસેથી રસ્તા પર નડતર રૂપ ૨૮ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.

તથા ધરાર માર્કેટ,સંતકબિર રોડ, પેડક રોડ,કોઠારીયા રોડ,મવડી મેઈન રોડ,સાધુવાસવાણી રોડ,૧૫૦ રિંગ રોડ,રૈયા ધાર રોડ,રામાપીર ચોકડી,કાલાવડ રોડ,જ્યુબેલી,જંક્શન રોડ,ઢેબર રોડ,પરા બજાર, ગુંદાવાડી,પરા બજાર, ગાયત્રીનગર મેઈન રોડ, યાજ્ઞિક રોડ,રેસકોર્ષ ગ્રાઉન્ડ પાસેથી જુદીજુદી અન્ય ૨૩૨ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

ધરાર માર્કેટ,પેડક રોડ,પારેવડી ચોક, કેસરી હિન્દ પુલ,કોઠારીયા રોડ રણુજા મંદિર પાસે,મવડી મેઈન રોડ, પુષ્કરધામ મેઈન રોડ,સાધુવાસવાણી રોડ,૧૫૦ રિંગ રોડ,રૈયા ધાર રોડ,રામાપીર ચોકડી,કાલાવડ રોડ,જ્યુબેલી,જંક્શન રોડ,ઢેબર રોડ,પરા બજાર,ગુંદાવાડી,પરા બજાર પાસેથી ૭૭૮ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ.

કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ,પુષ્કરધામ મેઈન રોડ,,યુનિ.રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયાણ ચોક,ઢેબર રોડ,સોરઠીયાવાડી પાસે થી રૂ.૧,૯૫,૨૦૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ અને ૮૦ફુટ રોડ,પારેવડી ચોક ,સંતકબીર રોડ,ધરાર માર્કેટ,કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ,કુવાડવા રોડ૮૦ફુટ રોડ,અર્ટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૧,૬૨,૩૨૦/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. સેટેલાઈટ ચોક,કોઠારીયા રોડ,મોરબી રોડ,પેડક રોડ,ભાવનગર રોડ,ચુનારાવાડ મેઈન રોડ,ઢેબર રોડ,રેશકોર્ષ રિંગ રોડ,જામનગર રોડ,બંજરવાડી સર્કલ પાસે,મહીલા અંડરબ્રિજ,કાલાવડ રોડ,મવડી મેઈન રોડ,ગોંડલ ચોકડી,પુનીત નગરનાં ટાંકા પાસેથી મવડી ચોકડી સુધી, પરથી ૯૬૮ બોર્ડ-બેનર જપ્ત કરેલા હતાં.

# સાંગણવા ગામના ખેડૂત પરિવારે બ્રેઈન ડેડ સ્વજનનું લીવર દાન કરી એક વ્યક્તિને આપ્યું નવજીવન

### અશોકભાઈની અંતિમ ઈચ્છા પરિવારે પૂરી કરી: ગ્રીન કોરિડોર મારફતે લીવર સુરત મોકલાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ધૂળેટીના પર્વ પર એક એનોખી ઘટના સામે આવી છે. સાંગણવા ગામના ૫૨ વર્ષીય ખેડૂત અશોકભાઈ સાવલિયા છેલ્લા ૬ વર્ષથી કિડની ફેલ્યુરને કારણે ડાયાલિસિસ પર હતા, પરિવારે સ્વજનના અવસાન બાદ અંગદાનનો ઉમદા નિર્ણય લઈને માનવતાનો સાચો રંગ પ્રસરાવીને એક લીવર ફેલ્યુર દર્દીના જીવનમાં ખુશીઓના રંગ ભર્યો છે. ગત તા.૩ના રોજ ડાયાલિસિસ માટે આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં જ અચાનક તબિયત લથડતા તેઓ બેભાન થઈ ગયા હતા.

તપાસમાં માલૂમ પડયુ કે તેમને બ્રેઈન હેમરેજ થયું છે. ઓલમ્પસ હોસ્પિટલના ડોક્ટરોએ તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા બાદ હોસ્પિટલના સ્ટાફ દ્રાવા અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. અશોકભાઈના પુત્ર મીતભાઈ, પત્ની ઉષાબેન અને સમગ્ર પરિવારે દુઃખની ઘડીમાં હિંમત દાખવીને સ્વજનની અંતિમ ઈચ્છા પૂર્ણ કરવા માટે અંગદાનની સંમતિ આપી હતી. જોકે,ટેકનિકલ કારણોસર ત્યાં અંગદાન શક્ય ન હોવાથી તેમને તાત્કાલિક આઈસીયુ એમ્બ્યુલન્સ દ્વારા બી.ટી સવાણી કિડની હોસ્પીટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં હોસ્પિટલમાં ન્યૂરો ફિઝિશિયન, ક્રિટિકલ કેર ફિઝિશિયન, નેફ્રોલોજીસ્ટ સહિતના નિષ્ણાંતો દ્વારા બ્રેઈનડેડ હોવાનો ટેસ્ટ કરીને બ્રેઈનડેડનું સર્ટિફિકેટ આપ્યા બાદ કોર્ડિનેટર સ્ટાફ દ્વારા માં જાણ કરી અને સમગ્ર અંગદાનની પ્રક્રિયાનું કોર્ડિનેશન કરાયું હતું.

ઉલ્લેખનીય છે કે, સુરતથી કિરણ હોસ્પિટલની ટીમ અશોકભાઈના લીવરનું અંગદાન લેવા માટે તાત્કાલિક રાજકોટ દોડી આવી હતી અને તા. ૪ માર્ચના રોજ અશોકભાઈના લીવરનું ઓપરેશન કર્યું હતું. આ લીવરને ગ્રીન કોરિડોર દ્વારા રાજકોટ એરપોર્ટ ટ્રાન્સફર કરવામાં આવ્યું અને એરએમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક સૂરત ખાતે કિરણ હોસ્પિટલમાં સફળતાપૂર્વક લીવરનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.